**બીસ્મીલ્લાહ હીર રહમાન નરી રહીમ**
શરૂ કરું છું અલ્લાહ નામથી જે મહાન દયાળું, મહેરબાન છે.

**વ બે ઝીક્રે મવાલાના - અલ - મહદી (અ.ત.ફ.શ.) અને અમારા મૌલા ઇમામ મહદી (અ.સ.) ના**
નામથી (અલ્લાહ એમના ઝુહુરને નજદીક કરે.)

બીરાદરો મોઅમીન,

**સલામુન અલયકુમ**

અલ્લાહ પાકના લાખો શુક્ર છે જેણે આપણને મોકો આપ્યો કે આપણે ૧૫મી શાબાન જોવા માટે જીવતા રહ્યા.

અય કાશ કે એ જ પ્રમાણે પરવરદિગાર મોકો આપતે કે દરેક મોમીન ૧૫મી શાબાન સાથે, ખુદ ઇમામ ઝમાના (અ.સ.)ના પવિત્ર દિદારથી પણ ધન્ય થતે! ઇમામ (અ.સ.) ના જન્મદિવસની સૌ પ્રથમ એ હઝરત ખુદને, પછી એમના જુદ્દે બુઝુર્ગવાર રસુલે અકરમ (સ.અ.વ.) નેઅ ને ૧૧ ઇમામોને ખૂબ ખૂબ મુબારકબાદ! અને હા, એમની દાદી જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)ને કેમ ભૂલાય? જરૂર જરૂર અય ફાતેમા ઝહેરા (સ.અ.) આપના ફરઝંદ રાહ જુએ છે, ક્યારે અલ્લાહનો હુકમ થાય અને ઝહુર કરે. આપના દુઃખી દિલને આરામ પહોંચાડવાના સમય નજદીક થઇ ગયો છે. !

આપ સૌને પણ ઘણી મુબારબાદ પેશ કરીએ છીએ.

હઝરત બકીયુતલ્લાહ હુજ્જત ઇબ્નીલ હસન અલ અસ્કરી (અતફશ) ના કદમોમાં આ બીજો નાચીઝ પ્રયાસ છે. એમની ઓળખાણ, મારેફત તરફ એક બીજું પગલું આશા છે હઝરત (અ.સ.) ખતાકારોના પ્રયાસને કબુલ ફરમાવશે.

આપની ખિદમતમાં ગુઝારીશ છે કે આપ આપના અભિપ્રાયો આપવાનું ન ભુલતા, અમારી ક્ષતિઓ તરફ ધ્યાન દોરજો...... એ તમારી ફરજ છે.

અમે તો મુંબઇમાં હઝરતે મહદી (અ.સ.)નો જન્મદિવસ શાનદાર રીતે ઉજવાય છે. એમના વિષે પુસ્તકોનું પ્રદર્શન ત્થા જશ્ન ઉજવાય છે. એ પ્રદર્શનમાં હઝરત વિષે સવાલ - જવાબો પ્રશ્નપત્રોમાં પૂછાય છે. અને માર્કસ અપાય છે.

આ વર્ષે થોડાક જ્ઞાન - રસથી ભરપુર પ્રશ્નપત્રો આ સાથે બીડ્યા છે. એમાં બે (૨) પ્રશ્નપત્રો ભરી અમોને રવાના કરશો. આપને પોસ્ટ મારફત સાચા જવાબો જણાવશું. આપના નામ - સરનામા અને વય સારા અક્ષરોમાં લખવા વિનંતી.

વિદાય પહેલાં દૂઆ કરીએ અલ્લાહ અમારા પ્યારા ઇમામ (અ.સ.) નો ઝુહુર અમારી જીંદગીમાં ફરમાવે. એમના મુક્કદસ પવિત્ર દિલને દરેક શિયાથી રાજી અને ખુશનુદ રાખે...... અને આપણે સૌને એમના ગુલામોમાં સુમાર ફરમાવે. નાએબે ઇમામ (અ.સ.) ને એમની પવિત્ર છાયામાં મહફૂઝ રાખે.... ઇ. આમીન - વસ્સલામ.

એસોસીએશન ઓફ ઇમામ મહદી (અ.સ.)
પો. બોક્સ નં. ૫૦૦૬, મુંબઇ - ૪૦૦ ૦૦૯

---

**(કવર પેજનું અનુસંધાન)**

જ્યારે ખુદાવંદે આલમ હ. ઇમામ મહદી (અ.સ.) ને ઝહૂર ફરમાવવાની રજા આપશે ત્યારે તે હઝરત મકામે ઇબ્રાહીમ અને હજરે અસ્વદને વચ્ચે પોતાના અત્યંત વફાદાર એવા ૩૧૩ માણસો પાસેથી બયઅત લેશે અને સુરએ હૂદની ૮૬મી આયતની તિલાવત કરશે.-

**બકિય્યતુલ્લાહે બય્રૂલ લકુમ ઇન કુન્તુમ મુઅમેનીન**

આ આયત વિષે હ. ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.) એ ફરમાવ્યું છે : ‘જ્યારે ઝહૂર ફરમાવશે ત્યારે ખાનએ કાબાની દિવાલને ટેકો દઇને ઊભા રહેશે. એ વખતે એમના ત્રણસોને તેર અનુયાયીઓ એમની આસપાસ એકઠા થઇ જશે. અને સૌથી પહેલાં આ આયત : ‘બકિય્યતુલ્લાહે ખય્રૂલ લકુમ ઇન કુન્તુમ મુઅમેનીન’ ની તિલાવત કરશે. ત્યાર પછી પોતે ફરમાવશે? અના બકિય્યુલ્લાહેવ ખલીફતહુ વ હુજ્જતહુ અલયકુમ (હું બકિય્યતુલ્લાહ છું, એનો જાનશીન છું અને તમારા ઉપર એની હુજ્જત છું.’

એ વખતે દરેક જણ આમ કહીને સલામ કરશે. --

અસ્સલામો અલય્ક યા બકિય્યતુલ્લાહે ફીલ અર્ઝ - જમીન ઉપર અલ્લાહની આખરી હુજ્જત તમારા પર સલામ હજો. (અલ-મહદી ફીલ કુરઆન, પા. ૭૬)

# મહદી (અ.સ.) કોણ?

ઇમામે હસન અસ્કરી (અ.સ.) ના નૂરે નઝર અને જનાબે નરજિસ ખાતુનના લખ્તે જીગર છે. એમનું મુબારક નામ “મિ” “હય” “મિમ” “દાલ”, કુન્નિયત “અબુલ કાસિમ” અને મશ્હૂર લકબો : “અલ મુન્તઝર” “અલ મહદી”, “અલ કાએમ”, “અલ હુજ્જત”, “ખલફે સાલેહ” અને “સાહેબુઝ - ઝમાન” છે. તેઓ ઇસ્લામના પયગમ્બરના બારામાં જાનશીન અને હઝરત અલી (અ.સ.)ની અવલાદમાંથી છે.

રસૂલે ખુદા (સ.અ.વ.) ના નામોરી અને તેમની જેવી જ કુન્નિયત ધરાવનાર દેખાવમાં પણ હુબહુ આ હઝરત (સ.અ.વ.) જેવા જ છે.

તેઓ બારમાં ઇમામ અને શીઆઓના છેલ્લા ઇમામ છે.

આપ બધાય નબીઓ અને વસીઓના સંપૂર્ણ ઇલ્મા વારીસ છે. આપે લાંબી જીંદગી મેળવવાની સાથે દરેક નબી અને ઇમામની એક એક નિશાની પણ મેળવી છે.

આપની બે ગયબતો છે : એક ગયબતે કુબરા અને બીજી ગયબતે સુગરા. ગયબતે કુબરાની મુદ્દત એટલી લાંબી છે કે કમજોર ઇમાનના લોકો આપના વજૂદ (અસ્તિત્વ) સંબંધે શંકામાં પડી જાય છે.

આપની પવિત્ર જીંદગીનો આ લાંબો સમય પણ વૃદ્ધત્વ (બુઢાપા)નો કોઇ અસર કે ચિહન નથી પેદા કરી શક્તો. આપ હંમેશાં જવાન રહેશે.

લોકોનું ભારે કઠીન ઇમ્તેહાન અને કસોટી થયા પછી આપનો ઝુહૂર થશે. અન્યાય અને અત્યાચારથી ભરાઇ ગયેલી આ ધરતીને અદલ અને ઇન્સાફથી ભરી દેશે. વેરાન અને ઉજ્જડ જમીન આબાદીઓને ફેરવાઇ જશે. અલ્લાહ સિવાય કોઇ બીજાની ઇબાદત કરવામાં નહિ આવે. આપણી મુશ્કેલીઓ આસાન થઇ જશે. ચિંતન અને વિચારોમાં તાજગી આવી જશે.

મહદી (અજ.) એ છે કે, જો કોઇ માણસ એમને ઓળખ્યા કે જાણ્યા વગર આ દુન્યામાંથી વિદાય થઇ જાય, તો તેનું મૌત જાહેલિયતનું - કુફ્રનું મૌત ગણાશે, તે ઇસ્લામ પહેલાના અંધકાર યુગના મુર્દાઓમાંથી લેખાશે.

એ ઇન્સાનિયતને નજાત અપાવનાર, સાચો સુધારક-રાહબર, શિર્ક-કુફ્ર-ઝુલ્મ-સિતમને તેના મૂળમાંથી ઉખેડી નાખનાર, ઝાલિમો અને અત્યાચારીઓ-હિંસા અને બળના જોર ઉપર સત્તા જમાવનારાઓ-બેલગામ તાનાશાહોની હુકુમતને નાબૂદ કરનારો છે.

## મહદી (અજ.) ની કાર્યપદ્ધતિ

હ. ઇમામ મહદી (અ.સ.) ની કામ કરવાની પદ્ધતિ એજ હશે કે જે હ. રસૂલે ખુદા (સ.અ.વ.) ની હતી. તે નબીઓની સુન્નતના પાબંદ હશે તેઅ લોકોને અલ્લાહની કિતાબ એટલે કે કુરઆને મજીદ અને રસૂલે ખુદા (સ.અ.વ.) ની સુન્નત અને રીતસરમ તરફ ફેરવી નાખશે.

## મહદી (અ.જ.) નો રોલ

એમનું વજૂદ ઘણું મહાન, આશ્ચર્યજનક અને ઘણું લાગણીશીલ રોલ અદા કરે છે, કેમ કે ખુદાવન્દે આલમે તેમના વજૂદ વડે કાએનાતને બાકી રાખી છે. અને તમેને દુન્યાવાસીઓ માટે “હુજ્જત” બનાવ્યું છે.

તેમનો મહાન રોલ બિલકુલ એવો જ છે જેવો શરીરમાં દિલનો. જો દિલ શરીરને ગરમી પહોંચાડવાનું બંધ કરી દે, તો શરીર, નિર્જીવ થઇને મડદું બનીને એક બાજુ ઢળી પડે. અને અંતે સડી જાય! આ કાએનાત પણ એક શરીર છે અને મહદી (અજ.) એના “દિલ” સમાન છે. એ સકળ કાએનાતની નસોમાં જીવન-રૂહ દોડાવ્યા કરે છે અને તેમના વજુદના લીધે જે કાએનાત જીવંત અને સલામત છે.

મહદી (અજ.) અલ્લાહના ફયઝ - કરમ, દયા અને કૃપા મેળવવા માટેનું માધ્યમ - વાસ્તો છે એમનું કાર્ય સૂરજ જેવું છે. ગયબતના ઝમાનામાં સૂરજની જમે જ વાદળાંઓ નીચે ઢંકાઇને પણ હિદાયતનું નૂર, જીવનની ગરીમી એ હયાતનો પ્રકાશ સમસ્ત કાએનાત અને તેમાં વસનારા સૌને પહોંચાડ્યા કરે છે.

## મહદી (અજ.) ની ગયબતનું કારણ

તેની ગયબતની પશ્ચાદભૂમિ (પસમન્ઝર) માં અલ્લાહની અનેક મસ્લેહતો અને રહસ્યો છુપાએલાં પડ્યા છે. જો ઇન્સાન પોતાની અજ્ઞાનતા, ટૂંકી દ્રષ્ટિ અને અલ્પ જ્ઞાનના કારતે એ રહસ્યોને ન જાણી શકે, તો તેનો ઇન્કાર પણ ન કરવો જોઇએ. કેમકે ઇન્સાન મામૂલી ઇલ્મના થોડાક ટીપાં એની પોતાની જહાલતના મહાસાગરના મુકાબલે કશી વિસાતમાં નથી. પરંતુ તે હઝરતની ગયબત સંબંધે જે કેટલાંક કારણો અને લાભો બતાવવામાં આવ્યા છે તેના પ્રત્યે ઇશારો કરીએ છીએ.

(૧) એનું જીવતા રહેવું જરૂરી છે, જેથી અલ્લાહનો ઇસ્લામી અદબ - ઇન્સાફવાળી હુકુમત સ્થાપવાનો વાયદો અમલી બની શકે. અને આ માટે એને પર્દએ ગયબમાં રહેવું જરૂરી છે, જેથી ઝાલિમ ને જાબિર રાજકર્તાઓના બુરા ઇરાદાઓથી રક્ષિત રહે. અલબત્ત ખુદાવન્દે આલમ, તેને જાહેરમાં રાખીને પ સુરક્ષિત અને સલામત રાખવા માટે કાદિર (શક્તિશાળી) જરૂર છે, એ એના ઉપર પણ કુદરત ધરાવે છે કે હ. હુજ્જત (અજ.) ને બધીય હુકુમતો ઉપર

સત્તાધીશ બનાવી દે; પણ ખુદાનો ઇરાદો એ છે કે કાએનાતનો પાયો "કારણો" (અસ્બાબ) ઉપર રહે અને કાએનાતના બધાય કાર્યો સામાન્ય રીતે કારણો અને તેની સાથે સંબંધિત પેટા કારણોને આધારે થતા રહે. આ માટે તેમના બરકતવંતા વજૂદને દુન્યાવી આપત્તિઓ અને મૂર્ખાઓના નાપાક ઇરાદાઓથી બચાવીને રાખે. ખુદાનો ઇરાદો એ છે કે જ્યાં સુધી તે હઝરતની વિશ્વવ્યાપક રાજસત્તા સ્વીકારવા માટે દુન્યા તૈયાર ન થઇ જાય ત્યાં સુધી લોકોની નજરથી અદીઠ રાખે.

(૨) માનવી સંપૂર્ણતા તરફ ઉન્નતિની એક પછી એક મન્ઝિલો વટાવી રહ્યો છે કષ્ટ અને દુઃખનો સામનો, પરીક્ષા અને કસોટી, મુશ્કેલીઓ અને પ્રતિકૂળ સંજોગો; આ બધું પ્રગતિ અને ઉન્નતિ માટેનું મોટું કારણ અને સાધન છે. એ હઝરતની ગયબત, લોકોની એક એવી કસોટી છે કે જે બે રીતે થાય છે--

**પહેલું :** તે હઝરતના વજૂદ અને ગયબત સંબંધે કસોટી થશે. ગયબતન ઝમાનો ઘણો લાંબો છે એટલે કે એક સમૂહ તેમના વજૂદ (અસિતત્વા ના વિષયમાં જ શંકામાં પડી ગયો. બનવાજોગ છે કે તેમના જન્મ વિશે અથવા તેમના અતિ લાંબા જીવન સંબંધે શંકા - કુશંકા અથવા ઇન્કારનો ભોગ થઇ પડ્યો હોય, તે હઝરત ઉપર ઇમાન રાખવું તેની લાંબી ગયબતના હેતુઓ અને તેની સાથે આં હઝરત (સ.અ.વ.) તથા ઇમામોએ આપેલ ગયબી ખબરો ઉપર ભરોસો મુકવો અને કુરઆનને શીઇય્યની સાચી વિચારસરણીને આધીન થવું, એ ઇમાનની નિશાની છે. આ તો નેક, પરહેઝગાર, યકીન દ્રઢ્તા ધરાવનાર લોકો અને તે હઝરત ઉપર ઇમાન રાખનારાઓનું જ કામ છે, જ આ બધી કસોટીમાં પાર ઉતરે અને સફળતાનો વરે.)

**બીજુ :** ઝમાનાના પરિવર્તનો અને રોજ રોજ બદલાતી પરિસ્થિતિના કારણે દુન્યાના કોઇને કોઇ ખૂણેથી નવી આવાજ કાને પડે છે, ઝઇફૂલ ઇમાન (કમજોર ઇમાનનો માણસ) આ આવાજ સાંભળીને કંપી જાય છે, ડગમગી જાય છે; જ્યારે તેનાથી વિરૂદ્ધ દ્રઢ શ્રદ્ધાં - ઇમાન ધરાવનાર, પછી તે પુરૂષ હય કે સ્ત્રી તેની મક્કમતા - તેના લોખંડી ઇરાદામાં જરા સરખોય ફેર પડતો નથી. ગુનાહો પછી તે અખ્લાકી હોય કે મનાસિક, દ્રેષ - કીનો, વાસનાવૃતિ, દારૂ, સંગીત, અશલીલ વાતો, શિયળ - વિક્રય, બેશરમી, નાજાએઝ અને ઇન્સનિયતને નુકસાનકર્તા વસ્તુઓનો વેપાર નાજાએઝ નાણા, આજ રીત બુદ્ધિ અને દિલને અંધકારમય બનાવી દેનાર હજારો ગુનાહો; માત્ર ખુદા અને મૌતથી ગાફિલ રહેનાર ઇન્સાનોને જ પોતા તરફ ખેંચી શકે છે. પરંતુ એક સાચા મોમિનને ગયબતના ઝમાનામાં આવાં વિપરીત અને પ્રતિકૂળ સંજોગો હોવા પછી પણ ગુનાહોમાં સંડોવી શક્તા નથી. તે તો હિદાયત સિવાય બીજી કોઇ બાજુએ પગલું ભરી શક્તો નથી. આ વાત લોકો માટે એક કસોટી છે. જેથી મજબૂત ઇમાન ધરાવનાર સ્ત્રી - પુરૂષો, નીચી કક્ષાના લોકોથી અલગ પડી જાય અને પરહેઝગારો ઇન્સાનિય્યતની ઊંચી મન્ઝિલ - મરતબા ઉપર પહોંચી જાય.

(૩) જે રીતે માંગ (Demand) અને પુરવઠો (Supply)માં સમતુલા હોવી જરૂરી છે, એક વસ્તુ લોકોને એ વખતે જ પુરી પાડવામાં આવે છે કે જ્યારે તેઓના દિલ અને આત્મામાં તેની માંગ ઉઠેછે આ જ રીતે સમાજી પ્રશ્નમાં પણ ત્યારે જ ફેરફાર શક્ય બને કે જ્યારે તેના માટે લોકો તૈયાર થાય છે. જો પાણીનો પુરવઠો પ્યાસા થયેલાઓને પહોંચાડવામાં આવે, તો તેઓ તેનું દિલોજાનથી સ્વાગત કરશે. આ જ રીતે લોકોનું તેના આત્માની પ્યાસ તરફ ધ્યાન દોરી, તેની જરૂરત - તેનું મહત્ત્વ સમજાવીને પછી પાણી આપવું જોઇએ. માટે જરૂરત એની છે કે લોકો અલ્લાહના એહકામ જાણવા - સમજવાના પ્યાસા થાય, તેઓમાં અદલ - ઇન્સાફ અને શયતાની જંઝીરોમાંથી મુક્ત થવાની પ્યાસ જાગે, તેના ભારે ઇચ્છુક અને મોહતાજ થાય,પછી તે હઝરત ઝહૂર ફમાવે અને આસમાની પયગામ અને મકસદને અમલી સ્વરૂપ આપી શકે.

## મહદી (અજ.)નો ઇન્તેઝાર કેવો હોઇ શકે?

મહદી (અજ.) નો ઇન્તેઝાર (પ્રતીક્ષા) સુધારણા અને કેળવણીનો મદ્રેસો છે. તેનો સ્વીકાર કરવાની તૈયારીનો મદ્રેસો છે. વિચારો અને ચિંતનના વિકાસનો મકતબ છે. ઇન્તેઝારનો હેતુ અને અર્થ ઝુલ્મન અન્યાય સામ હથિયાર હેઠા મૂકી દેવા, માથે હાથ મૂકીને બેસી રહેવું, આળસુ બની જવું, મૌત ધારણ કરી લેવું અને સંજોગો ને પરિસ્થિતિની સુધારણા તે હઝરતના ઝહૂર ઉપર મૂકી દેવું, થતો નથી.

"ઇન્તેઝાર"નો અર્થ પોતાની જાતની અને સમાજની સુધારણા કરવા માટે પ્રયત્નશીલ રહેવાનો થાય છે. ઉચ્ચ પ્રકારના સદ્દગુણો અપનાવવાનો, ચિંતન અને મનનને નવી તાજગી આપવાનો, તેનો વિકાસ કરવાનો, ઝુલ્મને સિતમ - ફિત્ના અને ફસાદ - વર્ગીય મતભેદો વિરુદ્ધ મોરચો માંડવો થાય છે.

એ મહાન મુક્તિદાતાી પ્રતિક્ષા (ઇન્તેઝાર) એક આશાસ્પદ પાઠશાળા છે જે દુનિયાભરના મુસલમાનોમાં આશા - ઉમ્મીદનો પ્રાણ ફૂંકે છે, જેથી તેઓ પોતાની સુધારણા કરવાનું કામ જારી રાખે.

ઇન્તેઝારના સાચા અને મૂળ હેતુથી દૂર થવું - તેનાથી અજ્ઞાનતા - હતાશાને જન્મ આપે છે અને આશાના અપવનને બાળીને રાખ કરી નાખે છે જ્યારે કે તે હઝરતનો ઇન્તેઝાર એક એવી શક્તિ અને બળ છે કે જે ઇન્તેઝાર કરનારાઓના જીવનના અંધારા દૂર કરે છે. અને આશાના દીપ સળગાવે છે.

આપણે હ. ઇમામ રેઝા (અ.સ.) ના મકસદને પુરો કરનાર મન્તીક (તર્ક) અને કૌલ (કથન) ઉપર ધ્યાન આપવું જોઇએ. તેમણે ફરમાવ્યું છે : "ઝહૂરનો ઇન્તેઝાર કરવો એ ઝહૂરનો એક ભાગ છે." (બેહારૂલ અનવાર જી.પર) આ : ઇરશાદ (કથન) નો સાર એ છે કે

એક સમજદાર શીઆની ફર્ઝ એ છે કે ઇન્તેઝારના ઝમાનામાં પોતાનું ચારિત્ર્ય એવું બનાવે કે જાણે તે ઝહૂરના ઝમાનામાં જીવતો હોય.

## ઇમામ મહદી (અજ.) નો મુન્તઝિર કોણ છે?

હ. હુજ્જત (અજ.)નો મુન્તઝિર (ઇન્તેઝાર કરનાર) એ છે કે જે પોતાને નેક - ચારિત્ર્યવાન બનાવે, જાણે તે ખરેખર કોઇ સુધારકની પ્રતિક્ષા (ઇન્તેઝાર) કરી રહ્યો હોય. તે હઝરતનો મુન્તઝિર એક એવો જવાબદાર માણસ હોય છે કે જે ઝમાનામાં સામે આવનાર પ્રતિકૂળ સંજોગો અને કષ્ટો સંબંધે ગાફિલ - બેખબર નથી હોતો, ઉલ્ટાનો આશા ને ઉમીદમાં ડૂબેલો, બુદ્ધિમય વિચારો ધરાવનાર, ઇસ્લામી - ઇન્સાની ફરઝો અન્જામ આપવા માટે હંમેશા તત્પર એવો મોમિન હોય છે.

તે હઝરતનો મુન્તઝિર તે એવો માણસ હોય છે કે જે હમેશા તેમની યાદમાં ડૂબેલો રહે છે અને નવરાશ (ફુરસદ) નો ઉપયોગ, બીજાઓને તેમની યાદ ને ઝિક્ર તરફ ધ્યાન દોરવામાં કરતો રહે છે.

તે હઝરતનો મુન્તઝિર મરતબ અને માનની રૂએ એ લોકો જેવો છે કે જેણે રસૂલે ખુદા (સ.અ.વ.) સાથે રહીને જેહાદ કર્યો હોય.

હઝરત (અજ.) નો મુન્તઝિર ફઝીલતની રૂએ એવો છે કે જે તે હઝરતની સાથે ખાસ ખયમા (તંબુ)માં રહેતો હોય.

તે હઝરતનો ઇન્તેઝાર કરનાર લોકોના હક્કો ઉપર ક્યારેય ત્રાપ નથી મારતો, જૂઠ નથી બોલતો, કોઇ ઉપર તોહમત નથી મૂકતો. ગીબત નથી કરતો, કોઇની ઇઝઝત - આબરૂ નથી લૂંટતો. તે નમાઝ અને બીજી ઇબાદતોને ઘણું વધારે મહત્વ આપે છે. તે પરહેઝગાર હોય છે, ઇલ્મ અને દાનિશ મેળવવા હંમેશા પ્રયત્નશીલ રહે છે, તેની પાસે પ્રેમભર્યું હૈયુ અને દયા નીતરતું દિલ હોય છે. રહેમદિલી અને મોહબ્બત તેના વ્યક્તિત્વનો એક ભાગ હોય છે. બુરી ટેવો, દુગુર્ણોથી ઘણો દૂર અને સદ્દગુણોથી સભર હોય છે.

## મહદી (અજ.)ની યાદનો અંદાજ કેવો હોવો જોઇએ.

ઇમામ મહદી (અજ.)ની યાદ અને તેમનો જલ્દી ઝહૂર થવાની દૂઆ બેહતરીન ઇબાદતમાંથી છે અને તેની સાથે અલ્લાહની કુરબત (નજદીકી) મેળવવા માટેનું સાધન છે.

મહદી (અજ.) ના શીઆઓ! આપણે એમની કેટલી યાદ કરીએ છીએ? હે એની પાઠશાળાના પ્રમીઓ! આપણે એમની યાદમાં રાત - દિવસમાં કેટલા કલાકો, કેટલી મિનિટોનો ઉપયોગ કરીએ છીએ? એમના દિદાર (દર્શન) માટેની ઉત્સુકતા ધરાવનારાઓહ તે હઝરતના ચાહકો! એમની ખુશનુદી મેળવવા માટે કેટલું ધ્યાન આપીએ છીએ? આપણે કેટલું ધ્યાન રાખીએ છીએ કે એ મેહબુબ હસ્તીને દિલને દુઃખ ન પહોંચે અને એમની મરજી વિરૂદ્ધનું કોઇ પગલું ન ભરીએ? શું આપણે નથી ચાહતા કે તે હઝરત પણ આપણને યાદ કરે અને આપણને તૌફિક આપે?

આ માટે આપણી ફરઝ છે કે આપણે વધારેમાં વધારે વખત એમની યાદ કરતા રહીએ.

શું આપણે નથી ચાહતા કે મૌતના સમયે અને કબરની મન્ઝિલમાં પહોંચવાની પહેલી રાત્રે - જે કદાચ આજની જ રાત હોય - તે હઝરત આપણા સીરહાના પાસે પધાર અને આપણી હાલત પૂછે? એટલે જ આપણે એમના વિશેની વધારે ને વધારે ખબર રાખવી જોઇએ.

શું આપણે નથી ઇચ્છતા કે એકાંતભર્યા ઘરમાં આજાણ્યા અને બીહામણા સ્થળે, અંધારી કબરમાં, દુન્યા છોડ્યા પછીની શરૂઆતની ઘડીઓમાં તેઓ રહમત - કૃપા તે દયાના ઝરણા વહાવી દે? આપણી કબરમાંની બેચૈની - ડર અને એકાંતને દૂર કરી દે? આપણે તે હઝરતનું વધારેમાં વધારે ધ્યાન ધરવું જોઇએ.

મહદી (અ.સ.) ની યાદ દિલને સાંત્વન આપે છે, આનંદ અને પ્રફુલ્લિતતા આપે છે, આપણું વ્યક્તિત્વ ઘડે છે, ઉત્સાહ અને ઉમંગ આપ છે, અલ્લાહની કુરબત (નઝદીકી) નું સાધન અને મૌત વખતની બિહામણી - ભયંકર ઘડીઓ માટેની ઢાલ છે.

જો આપણી રૂહ (આત્મા) ની સ્વચ્છતા ઇચ્છતા હોઇએ, આપણ નફસને પવિત્ર બનાવવા માગતા હોઇએ, આપણી મનોવાંછનાઓ અને શયતાનના વસવસાઓના સમાના માટે શક્તિ અને બળ મેળવવા માગતા હોઇએ, આપણ અગણિત ગુનાહો વઅને અસંખ્ય ભૂલોથી પસ્તાઇને તેના માફ થવાનો કોઇ વસીલો ઇચ્છતા હોઇએ, અલ્લાહની બારગાહમાં નઝદીકી મેળવવા માટે કોઇ સાધન - ઝરીઓ શોધી રહ્યા હોઇએ, આપણી રૂહાની (આત્મિક) બીમારીઓના ઇલાજની ચિંતા કરતા હોઇએ જો આત્મોન્નતિ અને માનસિક તરક્કી ચાહતા હોઇએ અને દુન્યા ને આખેતમાં સફળતાના ઇચ્છુક હોઇએ, તો આપણે તે (હકીકત)ની યાદમાં ડૂબી જવું જોઇએ. એમની તરફ ધ્યાન ધરીએ. એમનો દામન અને આપણો હાથ હોય. સવાર - બપોર - સાંજ - અર્ધી રાત, ટૂંકમાં આઠેય પ્રહર અમેની યાદ, એમની આરઝુ કરીએ. એમની ખોજ કરીએ, એમના માર્ગ ઉપર ચાલીએ. શું ખરેખર આપણે ઝમાનાના ઇમામને દોસ્ત રાખીએ છીએ. શું એ શક્ય કે કોઇ, કોઇને દોસ્ત રાખતું હોય - ચાહતું હોય એન એની યાદ ન હોય?!!

આપણે જ્યાં પણ હોઇએ, ગમે તેવા સામાજીક સંજોગોમાંથી પસાર થઇ રહ્યા હોઇએ, પણ જો આપણ ચાહતા હોઇએ કે જીંદગીના બધાય સામાજીક સવાલો માં ખાસ કરીને ઇન્સાની રૂહ અને સારા વિચારોના પડતરમાં રોજ - બરોજ સફળતા મેળવવા માગતા હોઇએ, તો તે હઝરતની યાદમાં રહેવું જોઇએ, ઇમામે ઝમાના (અ.સ.) સાથેના પોતાના સંબંધો દ્રઢ અને મજબૂત બનાવીએ. એમના તફર -

એમનું ધ્યાન ધરીએ આપણો અકીદો – આપણો વિશ્વાસ છે કે અમે ઇમામ રાખીએ છીએ. અમારો ઇમામ છે.જીવંત છે. અમને તે જોઇ રહ્યા છે, અમારા વિચારો – માન્યતાથી તે માહિતગાર છે. આપણ શરીર અને આપણી રૂહના અણુ અણુથી જાણકાર છે, અલ્લાહની કૃપાઓ – નેઅમતો એના દ્વારા આપણા સુધી પહોંચી રહી છે. અલ્લાહની નવાઝિશોનો એ દરવાજો છે આપણે એ દરવાજાને ખખડાવવો જોઇએ, એના જ રસ્તેથી દાલખ થવું જોઇએ. એ જ મુક્તિ આપનાર અને રસ્તો ખોલનારો છે. એની જ "યાદ" બધાય રોગોના ઉપચાર છે. એને વળગીને (એનો દામન પકડીને) રહેવાથી બધી સફળતા પ્રાપ્ત થઇ શકે છે. – એ જ સફળતાનું રહસ્ય છે.

આપણી ફરઝ છે કે આપણે દરેક ક્ષણે એમની યાદ કરતા રહીએ, દરેક બેઠક – દરેક મુલાકાતમાં એમનો ઝિક્ર કરીએ લોકોનું ધ્યાન એમના તરફ દોરીએ. ઇમાન ધરાવનારાઓ પાસે એમની યાદ તાજી કરાવતા રહીએ. ઓછામાં ઓછુ દિવસમાં કેટલીક વાર એમનું નામ લઇએ, એમની ઉપર દુરૂદ પઢીએ. અને સલામ મોકલીએ. મોહબ્બત અને પ્રેમ પ્રદર્શિત કરતા રહીએ. અલ્લાહની બારગાહમાં એમના જલ્દી ઝહૂર થવાની દૂઆ કરીએ અમેની ખોજ કરીએ અને હંમેશા એમની યાદમાં જ રહીએ. શું એ શક્ય છે કે કોઇ એમનો શયદાઇ હોય અને તે એન ભૂલી જાય? શું એ શક્ય છે કે કોઇ એમની જુદાઇમાં ઝુરી રહ્યો હોય, તડપી રહ્યો હોય, ઘડીએ – ઘડીએ એમને યાદ કરતો હોય, એમના ઉપર દૂરૂદ – સલામ મોકલતો હોય, એમના પ્રેમ અને દુઃખમાં આંસૂ વહાવતો હોય, એમની જુદાઇમાં ગળતો જઇ રહ્યો ઓય, એમના ઝહૂર માટે દૂઆ કરતો હોય, તેને તે હઝરત ભૂલી જાય?!! એની ફરયાદને જવાબ ન આપે? નહી, નહી હરગિઝ નહી. તેઓ તો પ્રેમ અને કૃપાનું ઝરણું છે તેઓ કરમ અને રહેમતનું કેન્દ્ર છે, તેઓ આકા છે, મવલા છે, ખુદાની રહેમતનો દરવાજો છે.

શીઆ જગતના પ્રખર વિદ્વાન, મહાન ચિંતક સય્યદ ઇબ્ને તાઉસ અલયહિર રહમહ પોતાના પુત્ર અને દરેક વાંચક અને બધાય શીઓને પયગામ આપે છે. –

"લોકોની બહુ મોટી સંખ્યા એવી છે કે જે ઇમામે વક્ત ઉપર શ્રદ્ધા રાખવા છતાં તેઓના કૌલ (વાણી) અને અમલ (વર્તન) અયોગ્ય છે. તે હઝરતના વજૂદ ઉપર આસ્થા અને ઝહૂર થવા વિશે યકીન (ખાત્રી) રાખે છે, પણ અમલ (વર્તન) માં તેમની યાદ અને તેમના ઝહૂરનો ભુલાવાડી બેઠા છે."

આગળ જતા ફરમાવે છે : "જે માણસ એમની ઇમામત અને ઝહૂર ઉપર યકીન રાખે છે, તે જો કોઇ રૂપિયા કે દુન્યવી વસ્તુઓમાંથી કોઇ વસ્તુ ગુમાવી બેસે છે, તો હમેશાં તેનું ધ્યાન તેની તરફ રહે છે, ચૈ પડતુ નથી. પેલી વસ્તુ મેળવવા માટે પોતાની બધી શક્તિ કામે લગાડી દે છે. હંમેશા એ ખોવાયેલા પૈસા અને ગુમાયેલી વસ્તુ શોધવા પાછળ મંડ્યો રહે છે, શું એ ખોવાયેલી વસ્તુઓ જેટલો પોતાના વલીએ નેઅમતના દિદાર, દુન્યાના મહાન સુધારક, કાએનાત પ્રાણ પોતાના ઝમાનાના ઇમામ માટે પ્રયત્નશીલ રહે છે? તો પછી ક્યા આધારે એમની ઇમામતનો અકીદો રાખે છે. અને એમના ઝહૂરનો ઇન્તેઝાર કરે છે? કઇ રીતે એમની વિલાયત – દોસ્તી ને મોહબ્બતનો દાવો કરે છે?"

આહ! જો એ આલિમો રબ્બાની સ્વપ્નનું ફળ ન હોત, તો કલમમાં એટલી શક્તિ ક્યાં હતી કે આ બધું લખી શક્તે? જ્યારે એક સાચો શયાદઇ, એકભગ્નહૃદયી ઇમામે ઝમાના (અ.સ.)ની સેવામાં હાજર થાય છે, એમના મુબારક કદમોમાં પડી જાયછે, રૂદન કરે છે, આંસુ વહાવે છે ત્યારે આકા પુછ છે : "કેમ રડે છે?" કેટલીક વાતચીત થયા પછી કહે છે : "આપની જુદાઇ આપની લાંબી ગયબતના કારણે. આપણ શીઆઓની હાલતના લીધે......" હઝરત ફરમાવે છે : "આસું વહાવ નહીં, હજી પણ અમારા શીઆઓ ચાહતા નથી કે અમે એમની ફરીયાદ સુણીએ, એમની તરફ આવીએ. ઇન્સાન પ્યાસના કારણે અર્ધો ગ્લાસ પાણી માટે જેટલો તડપે છે, અમારા શીઓઓ એટલીય તડપ કે બેચૈની અમારા માટે અનુભવતા નથી."

નિશંક, તરસ્યા થવું જોઇએ, તરસનો એહસાસ (અનુભુતિ) કરવો જોઇએ, પાણી માટે દોડીને જવું જોઇએ. આપણે સમજવું જોઇએ કે માત્ર તે ....... માત્ર તે જ તરસ્યાઓને પાણી પીવડાવનાર છે અ તૃપ્ત કરનાર છે. બાકી બધુ મૃગજળ છે, ફરેબ છે. અ જ ઉપચાર કરનાર છે, એ જ મુક્તિ અપાવનાર છે, એની જ યાદ બધી મુશ્કેલીઓને દૂર કરનાર અને અબીય સફતાઓનું રહસ્ય છે.

## મહદી (અજ.) ઉપર સલામ

હમેશા હ. મહદી (અ.સ.) ની યાદમાં ડૂબેલું રહેવું જોઇએ. અમની બારગાહમાં વારંવાર સલામ મોકલતા રહેવું જોઇએ.

અસ્સલામો અલય્ક યા ખલીફતલ્લાહે વ નાસેર હક્કેહિ – અમારા સલામ તારા પર, હે અલ્લાહના ખલીફા અને એના દીનના મદદગાર.

અસ્સલામો અલય્ક બકિય્યતુલાહે ફી અર્ઝેહિ – સલામ તારા પર, હે ઝમીન ઉપર ખુદાની છેલ્લી હુજ્જત.

અસ્સલામો અલય્ક યા દાએયલ્લાહે વ રબ્બાનીય્ય આયોતેહિ – અમારા સલામ તારા પર, હે ખુદા તરફ દઅવત આપનાર અને અલ્લાહની નિશાનીઓના મરબ્બી, ઇન્સાન અને કાએનાતના પાલક.

અસ્સલામો અલય્ક યા બાબલ્લાહે વ દય્યાન દીનેહિ – અમારા સલામ થાય તારા પર, હે ખુદાની રહમત અને તેની અસીમ કૃપાના દરવાજા અને એના દીનના રક્ષક.

અસ્સલામો અલય્ક બે જવામેઇસ સલામ – અમારા દુરૂદ તારા પર, અમારા બધાય દુરૂદ અને બધાય સલામ તારા પર,"

# "નહજુ લ બલાગાહ" માં ઇમામ મહદી (અ.સ.)

ગત વર્ષે શઅબાન મહિનાના ખાસ અંકમાં, ઇમામે ઝમાના (અ.સ.) વિશેની કુરઆનની આયતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો શીઆ અને સુન્ની બન્ને ફિરકાના મુહદિસોએ નકલ કરેલ આ આયતો વડે અમે પુરવાર ર્ક્યુ હતું કે હઝરત ઇમામ મહદી (અ.સ.) વિશેનો અકીદો (માન્યતા) એક ઇ લામી હકીકત છે, તે માત્ર શીઆઓનો જ અકીદો નથી.

આ અંકમાં અમે મવલાએ કાએનાત હઝરત અલી અબી તાલિબ (અ.સ.) ના એ અકવાલ (કથનો) રજુ કરી રહ્યા છીએ કે જે તેમણે ઇમામે ઝમાના (અ.સ.) વિશે પોતાના ખુત્બાઓમાં ક્યાંક ક્યાં બયાન કર્યા છે. આના ઉપરથી જાણવા મળે છે કે ઇમામ મહદી (અ.સ.) એમના વંશમાં કેટલીક પેઢીઓ પછી જનમશે. ટૂંકમાં અમે એમના બે ખુત્બાઓમાંથી કેટલાક અવતરણો રજુ કરીએ છીએ.

તે હઝરત ફરમાવે છેઃ "જમાનો વીતતો જશે, એટલે સુધી કે સમય આવશે, જ્યારે ખુદાનો અકીદો પ્રગટ થશે. તે એક માણસને જાહેર કરશે તે તમારી વેરવિખેરતા દુર કરીને તમને સંગઠ્ઠીત કરશે, માટે તમે લોકો, એ આવનારાની હુકુમત સિવાય બીજા કોઇની હુકુમતની ઇચ્છા કે લાલચ રાખશો નહિ. તેમજ ગૈબના પર્દા રહેનારાથી નિરાશ થશો નહિ. કેમ કે પર્દએ ગૈબમાઃ રહેનારાઓ હાથમાંથી - બે મુખ્ય થંભોમાંનો એક - જાહેરી હુકુમત ચાલી પણ જાય, તો એક બાતેની હુકુમત બાકી રહેશે જે, એટલે સુધી કે તેના ઝહૂરના ઝમાનામાં અલ્લાહના હુકમથી બન્ને સ્થંભો - જાહેરી અને બાતેની હુકુમત - તેન હાથમાં આવશે અને તેના પવિત્ર અસ્તિત્વ વડે દીન અને દુન્યાના બધાય કામો વ્યવસ્થિત થઇ જશે."

જાણી લ્યો આલે મોહમ્મદ સ.અ.વ. નો દાખલો આકાશના સિતારા ઓ જેવો છે. એક સિતારા આથમે છે ત્યાં બીજા સિતારો ઉદય પામે છે. (એટલે કે આલે મોહમ્મદ સ.અ.વ. માંથી પણ જણ અલ્લાહના તેડાને "લબ્બૈક" કહેશે ત્યારે બીજો કોઇ કોઇ એની જગા સંભાળી લેશે - તેનો જાનશીન બનશે. આ ધરતી એક ક્ષણ માટે પણ એમના વજૂદ (અસ્તિત્વ) વગરની નહિ રહે) બસ એટલું જાણી લ્યો કે મહાન કૃપાળુ અલ્લાહની નેઅમતો તમારા ઉપર પુરી થઇ ગઇ છે અને જે વસ્તુની આશા રાખી રહ્યા છો તે, ખુદાએ તમને બતાવી દીધી છે. (એટલે કે ઇ. મહદી (અ.સ.) નક્કી - ખાત્રી પૂર્વક પધારશે અને સત્ય અને ઇન્સાફનું રાજ્ય સ્થપાઇને રહેશે. (ખુત્બા નંબર ૯૮) બીજા એક પ્રસંગે ઇમામે ઝમાના (અ.સ.) ના ઝહુર થયા પછીના ઝમાનાની આછી એવી ઝલક બતાવતા ફરમાવે છે

"તે ખાહિશો (મનેચ્છાઓ) ને હિદાયત તરફ ફેરવી નાખશે, જ્યારે કે લોકોએ "હિદાયત" ને ખશિાતમાં પલટાવી દીધી હશે અને લોકોના મતો (વિચારો) કુરઆન તરફ ફેરવી નાખશે. જ્યારે કે તેઓએ કુરઆનને મારી-મચડીને અટકળ-ક્યાસ અને પોતાના અંગત અભિપ્રાય પ્રમાણે બનાવીન નાખ્યું હશે." (ખુત્બા નંઃ ૧૩૬)

# કાએનાનું ધબકતું હૃદય

નાના રજકણો એક કેન્દ્રિય શક્તિ ધરાવે છે અને તેની આજુબાજુ ઝડપથી ફરતા - ઘુમતા રહે છે. તેનાથી શક્તિનું કેન્દ્ર ક્યારેય અલગ નથી પડતું.

સૂર્યમંડળના ગ્રહો તેની આસપાસ ફરતા રહે છે. તેની શક્તિ અને ખેંચાણના આધારે પોતાનું સ્થાન - જગા જાળવી રાખે છે. એના નૂરે - પ્રકાશનો લાભ લઇ પોતે ઝળહળતા રહે છે.

આપણા શરીરમાં પણ એક લાગણીશીલ કેન્દ્ર છે, જેને "દિલ" કહેવામાં આવે છે. તે આપણા આખા શરીરને શક્તિ અને ગરમી પહોંચાડતું રહે છે. તે જો એક ક્ષણ પુરતુંય કામ કરતું બંધ થઇ જાય તો આપણું જીવન સમાપ્ત થઇ જાય.

આ મહાન અને વિશાળ કાએનાત (બ્રહ્માંડ) પણ તેના સર્જનહારના હુકમથી એક હકીકી અને મૂળભૂત કેન્દ્ર પાસેથી શક્તિ અને બળ મેળવી રહી છે અને તેની રૂહાની શક્તિ વડે રૂહાની ખેંચાણ (ગુરૂત્વાકર્ષણ)ના કેન્દ્ર ફરી રહી છે. હંમેશા આ ભૌતિક દુન્યામાં એક મહાન રૂહની વ્યક્તિત્વ - જે અલ્લાહ તરફથી તેના પ્રતિનિધિ અને કાએનાતના તંત્રમાં કાર્યરત રહે છે. તે - મૌજુદ છે. જેના અસ્તિત્વ (વજૂદ) ના પ્રતાપે કાએનાતનું તંત્ર ચાલી રહ્યું છે. અલ્લાહના એ મેહબુબની બરકતના કારણે પ્રકૃતિના નિયમો અને તેનું પુરૂં વ્યવસ્થાતંત્ર એની આસપાસ ઘૂમી રહ્યું છે. દરેક યુગમાં અલ્લાહ તરફથી એની એક હુજ્જત કાએનાતનો બંદોબસ્ત તેના રૂહાની કાર્યોની વ્યવસ્થા માટે મૌજુદ રહે છે. આજે - અત્યારે કાએનાતનું ધબકતું હૃદય હઝરતે ઇમામ મહદી (અ.સ.) એટલે કે આપણા ઇમામે ઝમાના (અ.સ.) આ દુન્યાના ધરણીપટ પર ઉપર અલ્લાહ તરફથી તેના ખલીફા અને જાનશીન છે તેઓ પોતાના વજુદની બરકતથી કાએનાત અને તેમાં રહેનારાઓને અલ્લાહની અસીમ કૃપા અને નેઅમતો નવાજતા રહે છે. "ઉસુલે કાફી" ના બાબુલ હુજ્જતમાં એક હદીસ અબુહમઝાથી નકલ થઇ છે. તેમણે હઝરત ઇમામ જઅફરે સાદિક (અ.સ.) ને પુછ્યું : "શું જમની ઇમામ વગર રહી શકે છે?" હઝરતે જવાબ આપ્યો : "જો જમીન ઇમામ વગરની થઇ જાય તો નાશ પામે." (તેનું બધુંય વ્યવસ્થાતંત્ર વેરવિખેર થઇ જાય.) ઇમામે ઝમાના (અ.સ.) ની ઇલાહી હૂકુમત અને ગયબતની સત્તાને એક બાજુએ રાખીને વિચારવામાં આવે, તો પણ આજે તે હઝરત આપણા રૂહાની કાર્યો અને મામલાઓની વ્યવસ્થા અને બંદોબસ્ત કરે છે. તદ્ઉપરાંત કુરઆને કરીમને બચાવનાર અને એહકામે ઇલાહીનું રક્ષણ કરનાર છે. અલ્લાહનો વાયદો છે કે તે ઇસ્લામ અને કુરઆનનું રક્ષણ કરશે. જેમ કે તેણે ફરમાવ્યું છે : અમે કુરઆનના નાઝિલ કરનારા છીએ અને નિશંક અમે તેનું રક્ષણ કરનાર છીએ. (સુરે હજ આયત ૯)

ભરોસાપાત્ર ઇસ્લામી હદીસો અને રિવાયતો પ્રમાણે કુરઆને કરીમનું સાચોચ રક્ષણ કરનાર અને સાચો રૂહાની રહબર (મરજઅ) ઇમામે ઝમાના (અ.સ.) છે. જે હંમેશા આપણા વાણી ને વર્તન ઉપર નજર રાખે છે અને આપણ આમાલનો બધોય અહવાલ તે હઝરતની પવિત્ર સેવમાં રજુ કરવામાં આવે છે.

આ જ વાતની રૂએ ઇમામે ઝમાના (અ.સ.) કાએનાતનું ધબકતું દિલ, કાએનાતનું અલ્લાહના એહકામનું રક્ષણ કરનાર તેનું ધ્યાન રાખનાર અને શરીઅતને કુરઆને હકીમના ઉસુલને નિયમોનો રક્ષક હોય છે.

## અલ્લાહના પયગમ્બરો સાથે

# હ. મહદી અ.સ. નું મતાપણું

પયગમ્બરો અને વલીઓનો કાફલો "બશરીય્યત" વજૂદ (અસ્તિત્વ) માં આવે તેની પહેલી ક્ષણથી જ પોતાનો પ્રવાસે આરંભી દે છે. હ. આદમ (અ.સ.) એ અલ્લાહની પહેલી હુજ્જત તરીકે ધરતી ઉપર પગલા માંડ્યા. ત્યાર પછી ખુદાની બીજી હુજ્જતોએ એક પછી એકે, હિદાયત અને ખાલિક - મખ્લૂક વચ્ચે સંપર્કની જવાબદારીનો ભાર પોતાના ખભા ઉપર, ઊંચક્યો. એટલે સુધી કે આપણ પયગમ્બર હ. મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) ના આગમન સાથે આ સિલસિલો (પરંપરા) પૂરો થયો. ત્યાર પછી તેમના બરહક જાનશીનો એટલે કે હઝરત અલી (અ.સ.) અને એમના અગીયાર પુત્રોને હિદાયત અને રિસાલતનો પયગામ પહોંચાડવા માટે મુકર્રર કરવામાં આવ્યા છેવટે અગિયારમા ઇમામે પણ જાવેદાની (હમેશ માટેની) દુન્યા તરફ કૂચ કરી તેમના બન્યા અને આ ઇલાહી ખલીફાઓના મૂલ્યવાન વારસોના માલિક બન્યા.

હ. ઇમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે : "અલ્લાહના પયગમ્બરો અને ખલીફાઓનો કોઇ પણ એવો મોઅજીઝો નહિ હોય કે જે અલ્લાહે હ. કોએમ (અ.સ.) ને આપ્યો ન હોય - તેમનાથી પ્રગટ થયા વગરનો નહિ હોય, જેથી દુશ્મનો પર હુજ્જત પુરી થાય" (અસ્બાતુલ હોદાત જી.૭, પાના નંબર . ૨૫૭)

અલ્લાહના આ છેલ્લા ખલીફાની વિશિષ્ટતાઓમાંથી એક ઉઘાડી વિશિષ્ટતા એમની લાંબી ગયબત છે, જે રીતે ઘણા પયગમ્બરોને લાંબી ગયબતમાંથી પસાર થવું પડ્યું છે. માટે ઇરશાદ થયો છે.

"નિશંક, ઘણા પયગમ્બરોની "ગયબત"ની જે સુન્નતો અને તરીકાઓ હતા તે અમો અહલેબૈત (અ.મુ.સ.) ના કાએમ (અજ.) ના સંબંધમાં પ્રગટ થશે." (મિકાયાલુલ મરારિમ, જી. ૧, પા ૧૬૮)

હ. મહદી (અ.સ.) ના પયગમ્બરો અને બકીજા અવલિયાઓ સાથેના મળતાપણાની વાત કરીએ તો તે ઘણી છે એબધાય મળતાપણાનો ઉલ્લેખ અ ટૂંકા લખાણમાં કરવો શક્ય નથી, માટે એમની વિશિષ્ટતાઓ સાથે મળતાપણામાંના કેટલાક દાખલાઓ રજુ કરીએ છીએ.

હ. આદમ (અ.સ.) અને હ. નૂહ (અ.સ.) સાથે મળતાપણા વિષે હ. ઇમામ સજ્જાદ (અ.સ.) ફરમાવે છે કે, "... હ. આદમ (અ.સ.) અને હ. નૂહ (અ.સ.) સાથે તેમની (હ. ઇમામ મહદી (અ.સ.) ની ) સુન્નત અને મળતાપણું એ છે કે તેઓની ઉંમર લાંબી હતી" (કમાલુદ્દીન, પાના. ૩૨૨)

હ. ઇબ્રાહીમ (અ.સ.) સાથે ના મળતાપણા વિષે હ. ઇમામ ઝયનુલ આબેદીન (અ.સ.) ફરમાવે છે કે, "તેમનો જન્મ છુપી રીતે થયો અને લોકોથી દૂર રહેવું, એ હ. ઇબ્રાહીમ (અ.સ.) સાથે મળતું આવે છે." (મિક્યાલુલ મકારિમ, જી. ૧, પા.૮૮)

હ.ઇ. મોહમ્મદ બાકિર (અ.સ.) ફરમાવે છે કે "ખુદાવન્દે આલમ હ. યુસુફ (અ.સ.) ની જેમ તેમના કાર્યો (ઝહૂર)ને એક રાતમાં દુરૂસ્ત કરી આપશે."(કમાલુદ્દીન, પા. ૩૨૯)

હ.ઇમામ સજ્જાદ (અ.સ.) ફરમાવે છે કે, "કષ્ટ અને આપદાઓ પછી આરામ ને રાહત નસીબ થવામાં તેઓ હ. અય્યુબ (અ.સ.) ને મળતા અવો છે." (કમાલુદ્દીન, પા. ૩૨૨)

હ.ઇ. સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "ખુદાવન્દે આલમ જાણતો હતો કે કેટલાંક લોકો તેમની લાંબી વય (ઉંમર) ના કારણે તેમના વજૂદ (અસ્તિત્વ) નો ઇન્કાર કરશે, એટલા માટે અબ્દે સાલેહ હઝરત ખિઝર (અ.સ.) ની ઉમરને કોઇ પણ દલીલ વગર લાંબી કરી દેવાઇ, જેથી તે હઝરત મહદી (અ.સ.) ની લાંબી ઉમર માટે સાક્ષી બની શકે. અને દુશ્મનો માટે દલીલ કરવાના રસ્તા બંધ થઇ જાય." (કમાલુદ્દીન, પા. ૩૫૭)

હ. જાફરે સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "વાત બાકી રહી તેમ (હઝરત) ના હ. મુસા (અ.સ.) સાથે મળતાપણાની, તો જાણવું કે તેમને પણ હ. મુસા (અ.સ.) નીજેમ જાન જવાનો ડર હેતો હતો. હ. મુસા (અ.સ.)ની જેમ તેમની ગયબત પણ ઘણી લાંબી છે, હ. મૂસા (અ.સ.) નો જન્મ છુપો રહ્યો અને જે રીતફે હ. મુસા (અ.સ.) ન ગયબતના સમયમાં તુમના માનનારાઓ કષ્ટો અને મુશ્કેલીઓ વેઠતા રહ્યા એજ રીતે આં હઝરત મહદી (અ.સ.) ના શીઆઓ પણ તેમની ગયબતમાં મુશ્કેલીઓ અને કષ્ટો સહન કરશે, એટલે સુધી કે અલ્લાહ તેમના ઝહૂરનો હુકમ કરે અને એમના દુશ્મનો વિરૂદ્ધ એમની મદદ કરે."

હ. ઇમામ ઝયનુલ આબેદીન (અ.સ.) ફરમાવે છે કે હ. ઇસા (અ.સ.) સાથે એમનું મળતાપણું એ છે કે મતભેદ ઊભો કરનારાઓએ હઝરત (અ.સ.)ના વજૂદ વિશે ઇખ્તેલાફ કર્યો છે. તેઓમાંનો એક વર્ગ કહે છે કે "તેમનો ઇન્તેકાલ થઇ ગયો છે.", કેટલાંકો માને છે કે "તેઓને કતલ કરી નાખવામાં આવ્યા છે. - શૂળી ઉપર ચઢાવી દેવાયા છે." (મુન્તખબુલ અસર, પાના ૨૮૪)

હવે હુઝુરે (સ.અ.વ.) સાથેનું મળતાપણું જોઇએ. હ. ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.) ફરમાવે છે : તે હઝરતનું આં હઝરત (સ.અ.વ.) સાથે "કયામ" માં મળતાપણું એ છે કે તેઓ તલવાર લઇને ઊભા થશે, ખુદા અને રસૂલના દુશ્મનો માથાભારી માણસો

**અનુસંધાન ૧૪ મા પાને.**

## હ. વલીએ અસ્ર (રૂઅજ.) ની મદહ

**: મુક્તકો :**

અદબ - શનાસ હય, પાસે અદબ ભી રખતે હંય,
અદબ કે સાથે લબોં પર કલામ આતા હય;
કસમ ખુદા કી ઉઠાએં ન કાબે ગયબત કો,
બ - કદ્રે જલ્વા, હમેં એહતેરામ આતા હય.

★

તુમ આ રહે હો, ય મુઝદહ સુના કે અ જાઓ,
યે બઝમે ગય્ર નહીં, મુસ્કુરાકે આ જાઓ;
હમારે નાઝે મોહબ્બત કી આબરૂ રેહ જાય,
તકલ્લુફાત કે પર્દે ઉઠાકે આ જાઓ.

નિહાં કબ હંય વો ચશ્મે હક-બી સે, લયકિન
શિકસ્તે તકલ્લુફી બાત ઔર હી કુછ હય;
હસીન યુસુફે મિસ્ર, અય સામર્રા થે,
મગર તેને યુસુફ કી બાત ઔર હી કુછ હય.

★

જો ગરેબાં કી, વોહી દામન કી હાલત હો ગઇ,
આફરી જોશો જુનું, તકમીલે વહશત હો ગઇ;
રૂક ગઇ હય દિલ કી ધડકન, ચુપ હય સારી કાએનાત
અબ તો આ જાઓ, કે હર સૂરત સે ખિલ્કત હો ગઇ.

રચનાર ઉ જ. "મયશક" ગાઝીપુરી (મરહુમ)

## : કસીદહ :

મુસીબતોં મેં જો હંય સહરા,
જો ગમ કો દરમાં સદા રહે હંય,
બ-કદ્રે નિગાહ જલ્વા
બ-કદ્રગયબત દિખા રહે હંય.
જવાં ફઝાઓં કે તર્ઝે નવ પર,
ખૂન કી હવાઓં કી નર્મ રવ પર,
હસી ચિરાગોં કી મસ્ત ઝવ પર,
જહાં કી રૌનક બડહા રહે હય.
કભી ગુલોં કા નિખાર બન કર,
કભી શબાબે બહાર બહાર બન કર,
કભી ચમન કી વકાર બન કર,
મતાએ જલ્વા લુટા રહે હંય.
કભી મોહબ્બત-નવાઝ બન કર,
કભી શરીઅત કા રાઝ બન કર,
કભી શરીકે નમાઝ બન કર,
નિઝામેં અલમ ચલા રહે હંય.

હમેં તો સો ફી સદી યકી હય,
તુમ્હારી ગયબત ફરોગે દી હય,
વો આજ ભી મુબ્તેલા હય શક મેં
જો શક મેં કલ મુબ્તેલા રહે હંય.
અઝલ કી દુન્યા કા આસરા હંય,
અબદ કી કશ્તી કે ના - ખુદા હંય,
યે હર ઝમાને કે રહનુમા હંય,
યે હર જત્રા રહનુમા રહે હંય
કભી ખિલાફત, કભી નબુવ્વત,
કભી રિસાલત, કભી ઇમામત
હંય જિત્ને કુર્બે ખુદા કે મન્સબ
ઉસે મોહમ્મદ હી પા રહે હય.
હમારા મસ્તક બતા રહ હય,
હમારા ઇમાન હય યે "મયશક"
વજૂદે કૌનો મકાં સે પેહલે
યહી કરીબે ખુદા રહે હંય.

દુઆએ અહદ

અરબી ભાષામાં કંપોઝ કરવું તૈયાર હોય તો પુછી લેવું

# દુઆએ અહદ (તરજુમા)

(હ.ઇમામ જઅફરે સાદિક (અ.સ.) સે મન્કુલ હય કે જો શખ્સ ચાલીસ (૪૦)દિન સુબ્હ કોઇ યે દુઆએ અહદ પળ્હે વો હમાર કાએમ કે અઅવાન વ અનસાર મેં શુમાર કિયા જાએગા. ઔર અગર ઝહૂર સે પહેલે ઉસકા ઇન્તેકાલ હો જાએગા. તો ખુદાવન્દે આલમ ઉસકો કબર સે નિકાલેગા તાકે વો ઇમામ કી ખિદમત મેં રહે. ખુદાવન્દે આલમ હર કલમે કે બદલે મેં એક હઝાર નેકીયાં અતા કરેગા ઔર એક હઝાર ગુન્નાહ મઆફ કરેગા.)

શરૂ કરતા હું અલ્લાહ કે નામ સે કે વો રહમાન વ રહીમ હય.

અય ખુદા! અય બુઝુર્ગ નૂર કે પરવરદિગાર! ઔર બલન્દ કુરસી (ઇલ્મો દાનિશ) કે પરવરદિગાર, ઔર અય ભુરેપુરે સમન્દરો કે પરવરદિગાર, ઔર તૌરેત વ ઇન્જીલ ઔર ઝબૂર કે ઉતારનેવાલે, ઔર અય સાયા (સરદી) ઔર ગરમીકે પરવરદિગાર ઔર કુરઆને અઝીમ કે નાઝિલ કરનવાલે પરવરદિગાર! ખુદાવન્દે મય તુજસે સવાલ કરતા હું તેરી ગિરામી [A]મર્તબત[B] આબરૂ કે વાસતે સે, ઔર તેરે તાબિન્દા [C] નૂરે જમાલ કે વાસ્તે સે, ઔર તેરી દેરીના ફરકમાન - રવાઇ કે વાસ્તે સે, અય ઝિન્દા ઔર કાએમ રહેનેવાલે, મંય તુજ સે સવાલ કરતા હું તેરે ઉસ નામ કે વાસ્તુ સે જિસસેં સારે આસ્માન ઔર સારી જમીનેં મુનવ્વર હો ગઇ. ઔર તેરે ઉસ ના કે વાસ્તે સે જીસસેં પેહલે વાલે ઔર બઅદ વાલે રાહે રાસ્ત પર આ ગએ. અય વો ઝિન્દા જો હર જાનદાર કે વજુદ સે પેહલે સે ઝિન્દા હય, અય વો ઝિન્દા! જો હર ઝિન્દા કે બઅદ ભી ઝિન્દા રહેનેવાલા હય. જ હર ઝિન્દા જો ઉસ વક્ત ભી ઝિન્દા થા જબ કોઇ ઝિન્દા ન થા. અય ઝિન્દા વ કાએમ! નહી હય કોઇ મઅબુ તેરે સિવા. ખુદાવંદા પહોંચાદે હમારે આકા, ઇમામ, હાદી, હિદાયત-યાફતા તેરે અમ્ર કે કાએમ કરનેવાલે તક. અલ્લાહ તઆલા કા દુરૂદો સલામ ઔર રહમતેં હોં ઉન પર ઔર ઉનકે પાકો પાકીઝા આબા [D]વ અજદાદ [E] પર, તમામ મોએમનીન ઔર મોઅમેનાત કી તરફસે જો રૂએ ઝમીન કે મશરિકોં ઔર મગરિબોં, હમવાર ઔર મયદાની ઔર પહાડી ખિત્તોં, ખુશ્કી ઔર જઝીરોં [G] મેં રેહતેં હય ઔર મેરી તરફ સે ઔર મેરે મા - બાપ કી તરફ ઇસ કદર દુરૂદો સલામ જો વઝન મે અર્શે ખુદાવન્દે કે બરાબર હો ઔર તઅદાદ [H] મેં ઉસકે કલમાત કે બરાબર ઍર જીસકા શુમાર ઉસકા ઇલ્મ કરત હય ઔર જીસે ઉસકા ઇલ્મ એહાતા કિએ હય.

બારે ઇલાહા! યકીનન મંય આજ કે દિન કી ઇસ સુબ્હ કો ઔર જબ તક ઝિન્દા રહુંગા ઉન હઝરત સે એહદો પયમાન કી તજદીદ [J] કરતા હું ઔર કરતા રહુંગા. ઔર ઉન હઝરત કી બયઅત કા તૌક અપની ગરદન મેં ડાલે રહુંગા. ન તો ઉસ સે રૂ-ગર્દાની [K] કરુંગા ઔર નહી ઉસે કભી ઉતારુંગા. ખુદાવન્દે આલમ! મુજે ઉન હઝરત કે મદદગારોં સાથીયોં ઉનકી જાનિબ સે દિફાઅ કરનેવાલોં ઔર ઉનકે અહકામ કે બજા લાનેવાલોં, ઉનકી હિમાયત કરનેવાલોં, ઔર ઉનકે મકાસિદ [L] કી તકમલ મેં પેહલ કરનેવાલો ઔર ઉન હઝરત કી નિગાહોં કે સામને શહીદ ઓનેવાલોં મેં કરાર દે. પરવરદિગાર! અગર મેરે ઔર હઝરત કે બીચ વો મૌત હાએલજી હો જાએ જીસે તૂને અપને બંદો કે લિએ યકીની કરાર દિયા હય, તો મુજે મેરી કબ્રસે ઇસ તર્હ બાહિર નિકાલ કે કફનપોશ અપની તલવાર ખેંચે હુએ, અપના નેઝા તાને હુએ, દઅવત દેનેવાલે કી આવાઝ પર લબ્બૈક કહેતે હુએ, શહરમેં હો યા જંગલ ઓર સેહરા મેં હોં. બારે ઇલાહા! મુજે જમાલે હિદાયત ઔર રૌશ વ મુનવ્વર ઔર કાબિલ સતાઇશ પેશાની કા દીદાર કરા દે. ઉનકી ઝિયારત કો મેરી આંખોં કે લિયે સુરમા કરાર દે ઉનકી હુકુમત મે તઅજીલ [N] ફરમા ઔર અમ્રે ઝહૂર કો આસાન કર. ઔર ઉનકી રાહ કો કુશાદગી અતા કર. ઔર ઉનકી મિયાના રાહ પર ચલને કી તૌફીક દે. ઉનકે હુકમ કો નાફેઝ ફરમા. ઉનકી પુશ્ત કો મોહકમ[P] વ ઉસ્તવાર [Q] કર. બારે ઇલાહા! ઉન હઝરત કી ઝાત સે અપને મુલ્કોં કો આબાદ કર ઔર અપને બંદો કોઇ ઝિન્દા કર દે. બેશક તૂને ફરમાયા થા ઔર તેરા કૌલ સચ્ચા હય, ખુશ્કીયોં ઔર સમન્દરોં મેં વો ફસાદ ફૈલ ચુકા જો લોગોં હી કે હાથોં કા લાયા હુવા હય. પસ ઝાહિર કર દે, ખુદાયા! હમારે લિયે અપને વલી કો ઔર અપને નબી કી બેટી કે ફરઝંદ કોઇ જીસકા નામ તેરે રસૂલ કે નામ પર રખ્ખા ગયા હય, યહાં તક કે વો બાતિલ કે કિસી હિસ્સે પર ભી ફત્હ પાએ તો ઉસે ટુકડે ટુકડે કર દે ઔર હક્કો હકીકત કા જામા પહેના કર ઉસે વાકેઇય્યત બના દે. ઔર અય ખુદા! ઉસે અપને મઝલૂમ બંદો કી પનાહગાહ કરાર દે ઔર ઉસકા મદદગાર કરાર દે જીસકા તેરે સિવા કોઇ મદદગાર નહિ ઔર તેરી કિતાબ કે મોઅતલ [R] એહકામ વ કવાનીન કી તજદીદ હો ઔર અપને દીન કી નિશાનીઓં ઔર નબી કી સુન્નતોં કો ઇસ્તેહકામ [S] અતા કર ઔર દુશ્મનોં કે ઝરર સે :ઉસે મેહફૂઝ વ મામૂન કરાર દે. ખુદાવન્દે! ઔર ખુશ કર અપને નબી મોહમ્મદ (સ.અ.વ.) કો ઉનકે દિદાર સે ઔર ઉસ શખ્સ કો જો ઉનકા

**અનુસંધાન પાના નંબર ૧૨ પર.....**

# યૂસુફે ફાતેમા (અ.સ.)

અઅલા ગોહર, વાલા નસબ,
ઇબ્ને શહનશાહે અરબ.
ફાનૂસે ઇવાને કિદમ,
કન્દીલે મેહરાબે હરમ.
બુન્યાદે તખ્લીકે જહાં,
મફહૂમે હર્ફે કુન - ફકાં.
દુર્જે શરફ, બુર્જે હશમ.
બહરે સખા, અબ્રે કરમ.
શાહિદ ભી ઔર મશહૂદ ભી,
ગાએબ ભી ઔર મવજૂદ ભી.
અય પર્દાદાર, અય મુન્તઝર,
આ મુસ્કુરાકર બામ પર.
તૂરહમતે હક કા અમી,
તૂ સય્યદા નાઝની.
તૂ પન્જેતન કી આન હય,
સારે ચમન કી જાન હય.

તૂ અસ્કરી કા લાલ હય,
આલેનબી કી ઢાલ હય.
અર્શે ખુદા સમાન તેરા,
આબે રવાં મસ્કન તેરા.
હિકમત ભી તૂ, ઇરફાં ભી તૂ,
ઇત્રત ભી તૂ, કુરઆં ભી તૂ.
સુલમાને આલમ, શાહે દી,
ઇબ્ને અમીરૂલ મોઅમેની.
મહરે સરીર આરાએ હક,
અઝ શફક, તા આં શફક.
કબ્બો દિમાગો મુસ્તુફા,
ચશમો ચિરાગે મુસ્તુફા.
દાનાએ હક આગાહ તૂ,
મકસૂદે બયતુલ્લાહ તૂ.
ઇસ્લામ કી તસ્વીર તૂ,
ઇન્સાફ કી શમ્શીર તૂ.

દુન્યા હય ઝુલ્મત દર બગલ,
અય ચાંદ બાદલ સે નિકલ.
અય બાદશાહે બેહરો બર,
દર્યા એ ગયબત પાર કર.
અય અબ્રે નયસાને શરફ,
પ્યાસે હંય આંખોં કે સદફ.
અય માહે શહબાને તરબ,
ફિર રૂ - નુમાઇ હોગી કબ?
અય કાઇમે પાઇન્દા તર,
અય કો દુબારા ઝિન્દા કર.
અય મુસ્તર મઝહર મેં આ,
અય મુન્તઝર, મન્ઝર મેં આ.
અય તૂ કે જાને દીદા હય,
આંખોં સે ક્યું પોશીદા હય?!
અય તૂ કે રૌશન કર્દા હય,
ક્યું તૂજ કો હમ સે પર્દા હય?

**મરહૂમ "શમીમ" કુરહાની**

---

**(પાના નંબર ૧૧થી ચાલુ)**
મતીઅ હો ઉનકી દઅવત પર ઔર રહમ કર તલબે સુકુન કો હમારે બઅદ ઉનકે ખુદાવંદે! ખોલ દે (દૂર કર દે) ઉસ ગમ કો ઇસ ઉમ્મતત સે ઉસકે હાજિર હોને ઔર જલ્દી કર હમારે લિયે ઉનકે ઝહૂર સે. તહકીક કે લોગ ઉનકો દેખતે હંય દૂર સે ઔર હમ દેખેં ઉનકો કરીબ સે અપની રહમત સે અય બડે રહમ કરનેવાલે રહમ કરનેવાલોં મેં સે.

જલ્દી ...... જલ્દી....... અય આકા, અય સાહેબે ઝમાન, સલવાતે ખુદા હો તુમ પર, મંય મુન્તઝર હું.

A-B મહાન મરતબો,
C પ્રકાશિત
D-E બાપ-દાદા
F-સપાટ G ટાપું
H સંખ્યા
J તાજો,
K મોં ફેરવવું
L ધ્યેય - હેતુઓ,
M આડું આવવું,
N જલ્દી - ઉતાવળ
P-Q દ્રઢ અને મજબૂત
R મુલતવી થઇ ગયેલ
S મજબૂતી

# કાએમે આલે મોહમ્મદ (અ.સ.) અને હજરે અસ્વદ

કરામતાએ કકમએ મોઅઝઝમા ઉપર હલ્લો કરીન હરમે મોહતરમની ઇમારતને મસ્માર કરી નાખી.ખાસ કરીનફે જે દિવાલમાં “હજરે અસ્વદ” હતો તેને જમીનદોસ્ત કરી નાખી. આ સમાચાર અબ્બાસી ખલીફા મક્તફીને મળ્યા ત્યારે તેણે સૈન્ય મોકલીને કરામતાને ભગાડી મૂક્યો. આ કામથી ફુરસત મળ્યા પછી તેણે હરમને રીપેર કરવાનું કામ આરંભ્યું એટલું નિશંક કહી શકાય કે જેટલું નુકસાન હજ્જાજ બિન યુસુફે બયતુલ્લાહને કર્યું હતું. તેટલું કરામતાએ નહોતું કર્યું. છતથી લઇને દિવાલો તૂટી ગઇ હતી. ખાસ કરીને જેમાં હજરે અસ્વદ લગાડેલો હતો. તે દિવાલ પાછળની બાજુએ પડી ગઇ હતી અને હજરે અસ્વદ જમીન ઉપર પટકાઇ પડ્યો હતો.

હજ માટેના આગામી દિવસો પહેલાં હરમની મરમ્મત (રીપેરીંગ) કરવું જરૂરી હતું. એટલે આ કામ તરત આરંભી દેવાયું અને ટૂંકા સમયમાં પુરું પણ થઇ ગયું. છત, દિવાલ, સ્થંભ વગેરે હંમેશ મુજબ ઊભા કરીને મજબૂત કરી દેવાયા. આ ઉપરાંચ સહન, ઝમઝમ અને હેસાર (વર્તુળ) ના નુકસાન પામેલા સ્થળો પણ રીપેર કરી દેવામાં આવ્યા. ટૂંકમાં જ્યારે આ બધાં કાર્યોથી પરવાર્યા પછી “હજરે અસ્વદ” ને તેની મૂળ જગાએ બેસાડવાનો સમય આવ્યો.

“ખરાએજ” નામની કિતાબમાં અબી કસમ જઅફર ઇબ્ને મોહમ્મદ ઇબ્ને કવલિયહ મન્કુલ થયેલ છે. તે પોતે કહે છે કે જે વર્ષે કાબાની બરબાદી અને પછી મરમ્મતનો બનાવ બન્યો અને પછી હજરે અસ્વદને તેના સ્થાને બેસાડવાની જરૂરત ઊભી થઇ ત્યારે મારા દિલમાં ઉત્કંઠા જાગી કે આ મુબારક ખાનએ કાબામાં હાજર રહી આ વિધી મારી સગી આંખે જોઉં અને આ યુક્તિ દ્વારા અલ્લાહના એ ખાસ નૂર અને તેના અતિ મુકર્રબ બંદાની ઝિયારત કરીને મારી આંખને રૌશન અને ઠંડી કરું, જે પોતાના મુબારક હાથે આ પવિત્ર ખિદમત બજાવશે વતે આપણા અકીદાની રૂએ ઝમાનાના ઇમામ હશે -- હુજ્જતે ખુદા હશે. હજ્જાજ બિન યુસુફના ઝમાનામાં આ ખિદમત એ ઝમાનાના ઇમામ હ. ઝયનુલ આબેદીન (અ.સ.) એ અન્જામ આપી હતી. તેમની હજારીમાં આ કાર્ય માટે કોઇ લાયક નહોતો તેમ જ ન તો આ કામ કરવાની હિંમત કે શક્તિ ધરાવતો હતો.

રાવી કહે છે આ વિચાર આવતા મેં મક્કએ મોઅઝઝમા જવાનો ઇરાદો કર્યો અને મારા વતનથી નીકળીને બગદાદ પહોંચી ગયો. મારી બદકિસ્મતીએ બગદાદ પહોંચીને માંદો પડી ગયો. માંદગી એટલી હદે વધી ગઇ કે મને ખાત્રી થઇ કે હવે ઊભો નહિ થઇ શકું, આ જ સ્થિતિમાં મને વિચાર આવ્યો કે આ તમન્ના - આ હેતુ પુરી કરવાની શક્તિ નથી, તો શા માટે બીજા કોઇ દ્વારા આ ધ્યેય ન હાસિલ કરવું? તુરત જ બીજો વિચાર ઝબક્યો કે એ બીજા કોઇના વાતનો - તેની સચ્ચાઇનો શો ભરોસો? આનો તોડ એવો કાઢ્યો કે મારી મુરાદ એક પત્રમાં લખી લીધી અને મનમાં નક્કી કર્યું કે જે માસણ જાય તેને આ પત્ર આપવો અને કહેવું કે જે વ્યક્તિ હજરે અસ્વદને તેના સ્થાન ઉપર મૂકે તેના પાસેથી આ પત્રનો લેખિત અથવા મૌખિક જવાબ મેળવીને લેતો આવે.

આ કાર્યનો દરેક બાજુએથી વિચાર કરીને ઇબ્ને હિશામને મારી નયાબત (પ્રતિનિધિત્વ) માટે યોગ્ય માન્યો. પછી તેને સવારી, રસ્તાનું ભાતું અને બીજી જરૂરિયાત આપીને મક્કએ મોઅઝઝમા જવા રવાના કર્યો. વિદાય કરતી વખતે એક પત્ર તેને આપ્યો અને કહ્યું કે, હજરે અસ્વદને તેના સ્થાન ઉપર મૂકવાની ફર્ઝ અદા કરનાર બુઝુર્ગને આ પત્ર આપી તેનો જવાબ લેતો આવજે. આ પત્રમાં મેં મારી માંદગીની કેફિયત લખીને પૂછ્યું હતું કે આ બીમારીમાં હું મરીજઇશ કે તન્દુરસ્ત થઇ ઊભા શકીશ?

ઇબ્ને હિશામ કહે છે કે “તે મારા (જઅફર) થી વિદાય થઇને હાજીઓના કાફલા સાથે મક્કા શરીફ ખેરીયતથી પહોંચી ગયો. બનવાકાળ એ જ દિવસે સવારે હજરે અસ્વદને તેના સ્થાને બેસાડવાની વિધી થવાની હતી. દૂર દૂરથી મુસલમાનોના અસંખ્ય સમૂહો મક્કા આવનાર હતા. કેટલાંક તો અગાઉથી મક્કા પહોંચી ગયા હતા. દરેક માણસ આ વિધિ નિહાળવા માટે સૌથી પહેલાં હરમે ઝવવારોની ભારે દાખલ થવા કોશિશ કરી રહ્યો હતો. ઝવવારોની ભારે ભીડના કારણે ક્યાંય તલ મૂકવાની જગા નહોતી રહી. એક ઉપર એક પડી રહ્યો હતો બેચૈની અને ઉત્કંઠાની કોઇ સીમા નહોતી. બયતુલ્લાહના ખાદિમો અને સરકાર તરફના ચોકીદારો વ્યવસ્થા જાળવવાના કામમાં ગૂંથાએલા હતા. આ ભીડમાં કોઇને કશી ઇજા કે જાનહાની ન થાય એવા પગલાં લઇ રહ્યા હતા. છેવટેતેઓ પણ પોતાની વ્યવસ્થાથી થાકી ગયા હતા.”

ઇબ્ને હિશામ કહે છે કે હું આ પરિસ્થિતિ જોઇને એક બાજુ જઇને ઊભો રહી ગયો. પછી કાબાના એક ખાદિમને બોલાવીને અમૂક રકમ આપીને કહ્યું કે મને આના બદલામાં એવી કોઇ જગાએ પહોંચાડી દે અથવા ઊભો રાખી દે કે જ્યાંથી હજરે અસ્વદ બેસાડનાર બુઝુર્ગવારની સારી રીતે ઝિયારત કરી શકું. ખાદિમે મારી વિનંતી ઘણી ખુશી સાથે સ્વિકારી લીધી અને તુરતજ મને હજરે અસ્વદની પાસે લઇ જઇને ઊભો કરી દીધો. અને પછી લોકોના ધક્કાથી બચાવવા માટે આજુબાજુના ઊભેલા ખાદિમોને કંઇક રકમ આપી. પરિણામે હું જ્યાં ઊભો હતો ત્યાં જ (છેલ્લે સુધી) ઊભો રહ્યો. અને ઘણી શાંતિપૂર્વક આ પવિત્ર રસ્મને અંજામ અપાતી

જોઇ શક્યો.

આ દરમિયાન લોકોના સમૂહમાં એક શોર થયો. આ વખતે જ બેચૈની અને ધક્કામૂક્કી થઇ તેનું વર્ણન કરવું મારી શક્તિ – મર્યાદાની બહારની વાત છે. થોડી વાર પછી મુકતફી બિલ્લાહ (અબ્બાસી ખલીફો) પોતાના ઠાઠમાઠને દમામ સાથે આ પવિત્ર સ્થળમાં દાખલ થયો એ હજરે અસ્વદને તેના મૂળ સ્થાને બેસાડવા લાગ્યો. પણ તે પોતાના સ્થાન ઉપર સહેજેય ટક્યા વગર તુરત જમીન ઉપર આવી ગયો! તેણે ફરીથી કોશિશ કરી પણ નિષ્ફળતા મળી. ટૂંકમાં અનેક વાર પયાસો કર્યાપછી પોતાના સગા – વહાલાઓ પાસે કોશિશો કરાવી, પણ તેય નિષ્ફળ થયા! પછી તેણે મક્કાના અગ્રણીઓ કેજે મોહાજીરો અને અન્સારના વંશજો હતા. આલિમોહતા તેમની પો આ કામ કરાવવા ચાહ્યું. આમાં પણ નિષ્ફળતા મળી! અંતમાં બધાય થાકીને – હારીને પોતપોતાની જગાએ પાછા ફર્યા!

આ લોકો હજુ વ્યગ્ર અને બેચૈન હતા ત્યાં લોકોના સમૂહમાંથી એક ખૂબસૂરત ઘઉંવર્ણો જવાન પ્રગટ થયો. તેણે આવવાની સાથે આ પથ્થરને ઊંચક્યો અને તેના મૂળ સ્થાને બેસાડી દીધો!!! પથ્થર એવી મજબૂતી સાથે બેસી ગયો કેજાણે તેના સ્થાનેથી ક્યારેય ખસ્યો જ નહોતો!! આ કુદરતી દ્રશ્ય જોઇને મજમા (સમૂહ)માંથી આફરીનના અવાજો આવવા લાગ્યા. અવાજ અને શોર – ગુલ એટલો બધો હતો કે ન તો જોવાવાળાના હોશ ઠેકાણે હતા ન સાંભળવાવાળાના.

આ જવાન આ પવિત્ર સેવા અંજામ આપીને તુરત જ ત્યાંથી રવાના થઇ ગયો ઇબ્ને હિશામ કહે છે કે મારા દિલની તમન્ના આ વ્યક્તિની ઝિયારત કરવાની હતી અને આ જ હેતુ માટે પ્રવાસના કષ્ટો સહન કર્યા હતા એટલે હું તેમની પાછળ પાછળ ચાલવા માંડ્યો. આ ખૂબસૂરત યુવાન લોકોની ભીડમાં અદીઠ ન થઇ જાય એટલા માટે મારી આખમાં સમાવીને સમૂહને ચીરતો ચીરતો એમની પાછળ ચાલવા લાગ્યો. બયતુલ્લાહના દરવાજા સુધી (મહા મુશ્કેલીઓ) પહોંચ્યો હોઇશ ત્યાં મારા કપડાં ઠેરઠેરથી ફાટી ગયાં! શરીરનો કેટલોક ભાગ ઝખ્મી પણ થઇ ગયો મસ્જિદુલ હરામના દરવાજેથી જોયું તો એ યુવાન થોડાક અંતરે હતો. તુરત એની પાછળ પાછળ ચાલ્યો મેં ચાહ્યું કે તું મારી ઝડપ વધારીને, તેને જઅફર બિન મોહમ્મદનો પત્ર પહોંચાડી દઉં. પણ મને લાગ્યું હું ઝડપથી દોડવા છતાં તેમને પકડી નથી શકતો આ અનુભવથી મારા દિલ ઉપર એમની અઝમત અને જલાલતનો ભારે અસર થયો. આમ છતાં મેં તેમનો પીછો કરવાનું છોડ્યું નહિ. એમના પડછાયાની જેમ પાછળ પાછળ દોડપ રહ્યો. એટલ સુધી કે અમે મક્કાની હદમાંથી બહાર નીકળી ગયા. એક એવા સ્થળે પહોંચ્યા કે જ્યાં અમારા બે સિવાય ત્રીજું કોઇ નહોતું. અહિં આપે અચાનક મને સંબોધન કર્યું : "તમે મને શું આપવા માગો છો? લાવો, લાવો," આટલું સાંભળતાં મેં તુરત જ જઅફર બિન મોહમ્મદનો પત્ર કાઢીને ધરી દીધો. આપ તે ખોલ્યા કે વાંચ્યા વગર મને ફરમાવવા લાગ્યા : "આ પત્ર લખનારને કહેજો કે અત્યારની માંદગીમાં તમારા માટે મરવાનો ડર નથી. હજુ તમારી જીંદગીના ત્રીસ (૩૦) વર્ષ બાકી છે."

ઇબ્ને હિશામ કહે છે મેં આટલું સાંભળ્યું અને મોહબ્બતના જોશમાં આવીને રડવા માંડ્યો અને એવો વ્યાકુળ બની ગયો કે મારામાં હલન – ચલનની શક્તિ રહી નહિ. આપ મને એ જ સ્થિતિમાં મૂકીને આંખથી અદીઠ થઇ ગયા. થોડીવાર પછી જ્યારે મારી હાલત ઠીક થઇ ત્યારે જોયું તો તે હઝરત ત્યાં નહોતા.!

આગળ ચાલતા હિશામ કહે છે કે હું ત્યાંથી રવાના થઇ બગદાદ પહોંચ્યો જઅફર બિન મોહમ્મદને મળીને બધી વાત કરી. આ વાત સાંભળીને જઅફર બિન મોહમ્મદના દિલ ઉપર પણ એવો અસર થયો કે જે મારી કેફિયતથી ઓછો નહોતો. આ પછી જઅફર એ માંદગીમાંથી સંપૂર્ણ તન્દુરસ્ત થઇ ગયા અને હઝરતના ઇરશાદ પ્રમાણે પુરા ત્રીસ વર્ષ જીવતા રહ્યા. ! જ્યારે ૨૯ વર્ષ પૂરાં થઇને ત્રીસમું વર્ષ શરૂ થયું ત્યારે તેમણે દેરઅંદેશી રૂપે પોતાની બધી મિલ્કત સગાવહાલાઓને વ્હેંચી દીધી, જેને તેઓ પોતાના વારસાના સાચા હકદાર માનતા હતા. આ પછી અચાનક બિમાર પડી ગયા, આ ત્રીસમું વર્ષ હતું જેમાં તેમને મૌત આવવાની આગાહી હતી, એટલે બીમાર પડતાં જ જીવનથી નિરાશ થઇ ગયા.

સગાવહાલાઓ તેમની ખબર પુછવા આવતા, તેમને દિલાસો આપના કે તમે જરૂર સાજા થઇ જશો. જવાબમાં તેઓ કહેતા કે મને પૂરેપૂરી રીતે ખબર છે કે આ જ વર્ષમાં હું જરૂર મરી જવાનો છું. મારા અકીદા – મારા માન્યતા મુજબ તેનાથી જરા પણ વિરૂદ્ધ થવાનું નથી. છેવટે તેઓ પોતાના મજબૂતને દ્રઢ ઇમાન અને અકીદાની નિર્મળતા સાથે પોતાની વર્તમન બિમારીના જાહેરી કારણોથી ઇન્તેકાલ પામ્યા. (બેહારૂલ અન્વાર , જી. ૧૩, પા. ૧૯૭ તહેરાનમાં છપાયેલી)

---

**(પાના નંબર ૮નું અનુસંધાન)**

અને ઝાલિમોને કતલ કરશે. "તલવાર" અને "ખૌફ" વડે તેમની મદદ કરવામાં આવશે. અને પછી તેમની સામે કોઇનો ધ્વજ નહિ ફરક શકે (આનો અર્થ એ કે તેમને હારવું નહિ પડે.) (મુન્તખબુલ અસર પા. ૨૮૪)

પયગમ્બરે ખુદા (સ.અ.વ.) તેમના સંબંધે ફરમાવે છે : "મહદી મારી અવલાદમાંથી હશે, તેનું નામ મારા પરથી હશે અને તેમની કુન્નિયત પરથી હશે. શારીરિક અને અખ્લાકી રીતે અને વિશિષ્ટતાઓ (ખસૂસિયાત) ના હિસાબે બીજા બધાય લોકોમાં વધારે મળતાપણું ધરાવે છે." (યનાબીઉલ મવદ્દહ પાના – ૪૮૮ અને પાના – ૪૯૩; મુન્તખબુલ અસર પાના – ૧૮૨)

# શું ગયબતના જમાનામાં ઈમામે અસ્ર (અ.ત.ફ.) ના દીદાર શક્ય છે?

ઇસ્લામી અકીદા પ્રમાણે હઝરત મહદી (અ.સ. )ની ગયબત બે પ્રકારની છે. (૧)'ગયબતે અલય'.(૨) 'ગયબતે કુબરા' આં હઝરત (અ.ત.ફ.) ના ઇમામતના જમાનામાં 'ગયબતે સુગરા' ની મુદત ૮મી રબીઉલ અવ્વલ ૨૬૦ હીજરી એટલે ઇમામ હસન અસ્કરી (અ.સ.) ની વફાતના દિવસથી લઇને ૧૫મી શાબાન ૩૨૯ હીજરી સુધી છે. ગયબતે સુગરાના જમાનામાં જો કે ઇમામ (અ.સ.) સામાન્ય શિયાઓની નજરથી છુપાઇ રહેતા હતા, (એટલે સામાન્ય ઇમામ (અ.સ.) ને ઓળખી શક્તા હતા, (એટલે સામન્ય શિયાઓ ઇમામ (અ.સ.) ઓળખી શકતા નહોતા.) પણ સિવાય એ લોકોની જેઓએ આં હઝરત (અ.સ.) ના અને આપના પીદરેબુઝુર્ગવારના મુખલીસ અને નજદીકના અસ્હાબમાંથી હતા, ઇમામ અને સામાન્ય લોકોની વચ્ચે રાબેતાની હેસિયતથી નિયુક્ત હચતા. લોકો પોતાના મસાએલ, મુશ્કીલો અને સવાલો એ હઝરાતની પાસે લઇ જતા હતા અને હઝરાત તેમના મુશ્કીલાતો મસાએલ અથવા સવાલોને ઇમામ (અ.સ.) સુધી પહોંચાડી દેતા અને એમના હલ, જવાબ લઇને લોકોને પહોંચાડી આપતા હતા આજ દરમ્યાની અને વાસ્તાવાળા (વચ્ચેના) લોકો નાએબે ખાસના નામથી જાણીતા હતા. 'ગયબતે સુગરાના'એ ૬૯ વરસોની દરમ્યાન હઝરતે હુજ્જતના જે ચાર ખાસ નાએબો હતા તે સિવાય આજ સુધી કોઇ નાએબે ખાસ નથી. એમાંથી પહેલા નાએબે ખાસ જનાબ ઉસ્માન બિન સઇદ અમ્રવી, બીજા એમના જ દીકરા જનાબ મોહમ્મદ બિન ઉસ્માન બિન સઇદ અમ્રવી, ત્રીજા જનાબ મોહમ્મદ સયમુરી.

ઇમામ (અ.સ.)ના ચોથા નાએબ જનાબ અલી બિન મોહમ્મદ સયમુરીની વફાતની છ દિવસ પહેલાં ઇમામ (અ.સ.) મે એમને સંબોધીને એક પત્ર લખ્યો, જેમાં આપે ફરમાન કર્યું હતું : એ અલી બિન મોહમ્મદ સયમુરી ! છ દિવસ પછી તમારી વફાત થઇ જશે, તમારા બાકી કાર્યોને પુરા કરીને અંજામ આપી દો અને કોઇને પણ તમારો જાનશીન નિયુક્ત કરશો નહિ. કેમ કે આ પછી સંપૂર્ણ રીતે ગયબતે કુબરાનો જમાનો શરૂ થઇ જશે. (એટલે આ પછી ઇમામ અને લોકોની વચ્ચે કોઇ દરમિયાનની વાસ્તો બાકી નહિ રહે.) અને બહુ જ જલ્દી શિયાઓમાંથી એવા લોકો ખબરદાર થઇ જાઓ કે (આ પછી) જે શખ્સ 'મશાહેદા' નો દાવો કરે એ જૂઠો, ફરેબી, ફાટફૂટ પાડવાવાળો અને બોહતાન (તોહમત) લગાડવાવાળો હશે. અલબત્ત, સુફયાની નો ઝહૂર અથવા આસમાની ચીખ બલંદ થાય એ જ વખતે ઇમામ (અ.સ.) નો ઝહૂર થશે.

આ રીતે ગયબતે સુગરા અને ઇમામની તરફથી નિયાબતે ખાસનો સિસિલો એ હઝરત (અ.સ.) ના નાએબે ખાસ જનાબ અલી બિન મોહમ્મદ સયમુરીની વફાતથી ખતમ થઇ ગયો અને 'ગયબતે કુબરા'ની શરૂઆત એ રીતે થઇ કે ઇમામ (અ.સ.) અને લોકો વચ્ચે કોઇ ખાસ નાએબ નહિ હોય.

જે લોકો આ તૌકી (આદેશ, ફરમાન) થી માહિતગાર છે. તેઓની નજર સામે હંમેશા એ મસલો રહે છે કે અગર ગયબતના જમાનામાં હઝરત હુજ્જત (અ.સ.) ના ઝહૂરથી પહેલા જાતના 'મશાહિદ'નો દાવો જૂઠો, ફરેબ અને બોહતાન પર નિર્ભર છે, તો પછી એ કઇ રીતે શક્ય થયું કે ઘણા હઝરતની બાબરકત ખિદમતમાં મુશર્રફ થતા રહ્યા અને આ જાતના ઘણા બધા વાકેઆત અને બનાવ મોતબર પુસ્તકોમાં અને લોકો વચ્ચે પણ મશહૂર થયા છે? શું ઇમામ (અ.સ.) ના દિલાર કોઇ પણ રીતે શક્ય નથી? અને શિયાઓ ગયબત ના સમયમાં આ નેઅમતથી બિલકુલ હેસિયત રાખે છે અને જ્યારે પણ હિકમતે ખુદાવન્દે નો તકાજા હોય છે. હઝરત (અ.ત.ફ.) પોતાને, ખુશનસીબ લોકોને ઓળખાણ કરાવે છે અને કોઇ કોઇ વખતે આ સર્વસામાન્ય (કાયદામાં) નિયમમાં અપવાદથી ઇમામ (અ.સ.) ના દિદાર શક્ય છે?

આ સવાલનો જવાબ આપવામાં આવે તે પહેલાં અમૂક ખાસ વાતો પર ધ્યાન આપવું જરી છે.

આ રીતે એ હઝરત (અ.ત.ફ.) ના દિદારને અને એમના વજુદ મુબારકને જાહેર માર્ગો પર, બઝારોમાં નમાઝના સમયે મસ્જીદમાં યા અલી મકામ રોઝાહોમાં ઝિયારતના સમયે, યા મજાલીસોમાં અઝાદીરાના સમયમાં.. અમે જોઇએ છીએ. જો કે એ હઝરત (અ.સ.) અમારા બારમા ઇમામ છે, એમ અમે એમને નથી ઓળખતા અને આ કોઇ આશ્ચર્યજનક વાત નથી. હઝરત (અ.સ.) ની ગયબત અને આ રીતના દિદારમાં કોઇ ટકરાવ નથી.

રિવાયતોમાં ઇત્તેફાકથી આ વાત પર ખાસ તાકીદ કરવામાં આવી છે કે આં હઝરત (અ.સ.) હજના જમાનામાં દરેક વખતે તશરીફ લાવે છે અને લોકો એમને જુએ છે પણ ઓળખી શકતા નથી. (કમાલુદ્દીન પુસ્તક : ૨, પાનુ ૧૧૪)

એક રિવાયતમાં છે કે ઇમામ સાદિક (અ.સ.) સામે સાહેબુઝ ઝમાન (અ.સ.) ને ગયબતના જમાનામાં હઝરત યુસુફ (અ.સ.) થી અને લોકોને એમના ભાઇઓથી મિસાલ (તશબીહ) આપી છે (સરખામણી કરી છે.) પણ જેવી રીતે હઝરત યુસુફ (અ.સ.) ના ભાઇઓ એમના (હઝરત યુસુફ અ.સ. થી હુકુમત કર્યા પછી) મોહબ્બત કરતા હતા, મળતા હતા, વેપાર વગેરે કરતા હતા પણ ઓળખાતા નહોતા. અને નહોતા જાણતા કે તેઓ જ એમના ભાઇ યુસુફ હતા. હઝરત મહદી (અ.સ.) પણ ગયબતના જમાનામાં

એવી રીતે છે. લોકોની વચ્ચે જ ફરતા રહે છે, પણ લોકો ઓળખી નથી શકતા ને છતાં કે લોકો અમેને જુએ છે જ્યારે ખુદાવન્દે આલમ એમને પહેચાનવા માટે હુકમ કરશે, બિલકુલ એવી જ રીતે જેવી રીતે હઝરત યુસુફ (અ.સ.) એ પોતાના ઓળખાવ્યા હતા. (બેહારૂલ અન્વાર જી. ૫૨ પાનું ૧૫૪)

તેથી આ પ્રકારના દિદારમાં કોઇ મુશ્કેલ નથી, પણ કાશ કે ખુદાવન્દે આલમ આ પ્રકારના દિદાર વધુમાં વધુ નસીબ કરે.

હવે ઉપરના સવાલ પર ધ્યાન આપીએ કે ગયબતના જમાનામાં એ વાત શક્ય છે કે આપણને આં હઝરત (અ.ત.ફ.)ના દિદાર કરવાનો શરફ હાસીલ થઇ શકે અને આપણે એમને ઓળખી શકીશે કે એઓ આપણા ઇમામ અને ખુદાની હુજ્જત છે? જે લોકો ઇમામ (અ.સ.) ના ફરમાનમાં જરા બારીકાઇથી ધ્યાન આપે અને એ નુરાની વાક્યો પર ઊંડી નજરથી વિચાર કરે, 'મશાહેદા'ના વિષય પર પહેલા અને પછીના વાક્યો પર નજર કરે અને ધ્યાન આપે તો તેમને એ વાત સમજાશે કે આ ફરમાન મુબારક પૂરોને પૂરો 'ગયબતે સુગરા' ઓ 'નાએબે ખાસ' નું જ હોવાનું અને તેના અંતને જાહેર કરે છે અને ગયબતે કુબરાના નવા દૌર (જમાનો) ની શરૂઆત અને કોઇ 'નાએબે ખાસનો' ન હોવાના એલાનને શામિલ કરે છે. 'નાએબ ખાસ' એટલે એ શખ્સ જે ઇમામ અને લોકોની વચ્ચે વાસ્તો (વસીલો) બની રહે છે. અને જ્યારે ચાહે ત્યારે ઇમામ (અ.સ.)ની ખિદમતમાં હાજરી આપીને મુશર્રફ થઇ શકે છે. (મુશાહિદ) અને લોકના મસાએલ, સવાલોના ઇમામની ખિદમતમાં પેશ કરે છે અનેજવાબો હાંસીલ કરીને પાછા ફરે છે. આવી કોઇ મનસબ કે હોદ્દો 'ગયબતે કુબરા'ના જમાનામાં વજૂદ નથી રાખતો એવો કોઇ શખ્સ નથી, જે જ્યારે મનફાવે ત્યારે ઇમામ (અ.સ.) નીફ ખિદમતમાં જઇ શકે, જેવી રીતે (અઇમ્મા) અલ્યહેમુસ્સલામના અસ્હાબો કરતા હતા. એટલે ઇમામ (અ.સ.) સુધી એમના પહેલાવાળા અઇમ્મા (અ.સ.) ની જેમ, લોકોની પહોંચ શક્ય નથી, કે જ્યારે ચાહે ત્યારે દિદારને શરફ હાંસીલ કરી લે.

નવ્વાબે અરબા (ચાર નાએબો) અને એ હઝરત (અ.સ.) ની પહેલાની ઇમામો (અ.સ.)ના અસ્હાબે જેમ ખાસની જેમ કોઇ શખ્સ નથી કે જ્યારે કામ પડે યા જરૂરત ઊભી થાય ત્યારે હઝરત (અ.ત.ફ.) ની ખિદમતમાં મુશર્રફ થઇ શકે. અગર કોઇ પણ વ્યક્તિ એવો દાવો કરે એ જૂઠો છે અને આવો દાવાથી ઇન્કાર કરવામાં જરા પણ વિચાર ન કરો.

પણ આ ફરમાન મુબારકમાં અમારા આકા અને મૌલા ઇમામે ઝમાના (અ.સ.) ના દિદારની શક્યતા ન માનવાનું સાબિત નથી થતું જ્યારે કે ખુદ હઝરત (અ.સ.) ઇજાજત આપે. એવી રીતે નહિ જેમ કે ઇન્સાન પોતે ચાહે (જેવી નવ્વાબે અરબા જે આપના ખાસ નાએબો હતા, જેઓ જ્યારે ચાહતા ત્યારે મુલાકાતનો શરફ હાંસીલ કરી.)

જો કે ઇમામ (અ.સ.) ની ગયબતે કુરાબના જમાનામાં પણ ઇમામ (અ.સ.) ની ખાહીશ પર સામાન્ય માણસ પણ દિદારથી મુશર્રફ થાય છે પણ હઝરત (અ.ત.ફ.) ના દિદાર મુબારકનું એક અપવાદ થવું, કોઇ એવી વાત નથી જે અસંભવ હોય.

આ જ જવાબ છે કે ગયબતે કુબરાના જમાનામાં પણ બધા એવા લાયક અને નેક શખ્સ હતા જેઓને આ તૌફિક અને અઝીમ સઆદતનો શરફ હાસીલ થયો અને તે લોકોએ હઝરતના દિદારથી પોતાની આંખો અને પોતાની જાતને બલંદી આપી અને એ ઝિયારતોની દરમ્યાન અજબ મોઅજીઝા ઝહૂરમાં આવ્યા જેનાથી શક અને શંકાના તમામ દરવાજા બંધ થઇ જાય છે.

બુઝુર્ગ આલીમો, જ્યાં સુધી એમને ખબર મળી છે, અથવા કિતાબોમાંથી જોયું છે અથવા ભરોસાપાત્ર લોકો (જેઓની વાતોમાં ક્યારેય અસત્ય કે જૂઠાણું ન મળતું હોય) થી સાંભળ્યું છે તે હકીકતોમાં જમાન કર્યા છે. મરહૂમ અલ્લામા મજલસી આઅલ્લાહે મકામાએ 'બેહારૂલ અન્વાર' માં મોહદ્દીસ નુરી મરહૂક સાહેબે 'મુસ્તદરકએ વસ્સાએલ'માં સો વાકેઆત અને જન્નતુલ માવા (હાસીયો 'બેહારૂલ અનવાર'ની આવૃત્તિ ૧લી) માં આવી જ જાતના દિદારના વાકેઆત નકલ કર્યા છે. સાહેબે તફસીર બુરહાન હાશીમ બેહરાની તાબસરાહએ એક કિતાબ 'તકસીર તુલ વિલા'માં હઝરતના દિદારના જ વિષયમાં લખી છે. શેખ અલી અકબર નેહાવંદીએ કિતાબ 'અલ અબકરે -ઇલ-હેસાન જી. ૨૪,માં બસોથી વધુ વાકેઅતાન નકલ કર્યા છે. અને આજે પણ આ જાતના વાકેઆત એટલા બધા છે કે લોકોએ યા તો નકલ કર્યા છે.અથવા સાંભળ્યા છે. અને એના પર યકીન પણ છે અને ઘણા એવા પણ વાકેઆત છે કે ક્યારેય કોઇપણ હેતુ અથવા કોઇ કારણસર લખવામાં નથી આવ્યા અને એના પણ વાકેઆત છે કે જેની ખબર હજુ સુધી ઓલમાઓને નથી થઇ અને અગર ખબર મળી છે તો પણ એ લોકોએ એના પર ભરોસો નથી કર્યો અને એજ કારણસર પોતાની કિતાબોમાં એવા વાકેઆતને જગ્યા નથી આપી, કેમ કે હોય શકે કે એવા લોકોની વાતો પર યકીન થયું હોય.'

ખુદાવન્દે આલમ એ હઝરત (અ.સ.) ના દિદારની નેઅમતને છીનવી ન લે અને અમને એમના દિદારને લાયક કરી દે અને અલ્લાહ મૌતને સમયે એ હઝરત (અ.સ.) ને અમારી ફરિયાદ દૂર કરવા માટે પહોંચાડે.....

અને એ હઝરત (અ.સ.) ના હુકુમતના જમાનામાં એમના મદદગાર અને અન્સારમાં આપણને શુમાર કરે, અલ્લાહ એના ફઝલથી, અહેસાનથી અને કરમ થકી....

'આમીન'

# જ્યારે ખુદા યાદ નથી રહેતા

'વ મન અઅરઝ અન ઝીક્રી ફ ઇન્ન લહુ મઅીશતન ઝનગંવ વનહશોરોહ યવ્મહ કેયામતે અઅમા.' (સુરે તાહા : ૧૨૪)

તરજૂમો : અને જે કોઇ શખ્સે મારી યાદથી મોઢું ફેરવ્યું તો એની જીંદગી બહુ જ તંગીમાં ગુજરશે અને અમે એને કયામતના દિવસે આંધળો બનાવી ઉઠાવશું.

દુનિયાના બેશુમાર લોકોએ પોતાના હકીકી માબુદ (પરવરદિગાર)ની બારેગાહે કદસથી મોઢાં ફેરવી લીધાં છે. (અને) નતીજામાં હજારો જાતના માબુદોને પોતાના માટે ખુદાની હેસીયતથી પસંદ કરી લીધા છે. મુદ્દતોથી પોતાની ખ્વાહીસાત અને હવસના બુત આ બુદ્ધા અને કમજોર - મિસાલ ઇબાદતખાનામાં જેનું નામ દુનિયા છે, એક જમાઅત પર પોતાની લોકોને પોતાની સામે માથું ઝુકાવી દેવા પર મજબુર કરી દીધા છે. એ જૂઠા ખુદાઓએ એક લાંબી મુદ્દતથી અનેક લોકોના ખ્યાલત અને વિચારશક્તિ પર કાબુ જમાવી લીધો છે કે કમજોર અને કાચી બુદ્ધિવાળાઓ એ બુતોં પર પોતાના જીગરના ટુકડા કુરબાન કરવાથી અચકાતા નથી અને પોતાની હસ્તિને એની ઉપર નિછાવર કરી દે છે.

ગઇ કાલ સુધી દુનિયામાં આ બધા બુતો એક બે - જાન વસ્તુ હતી, જે ક્યારેક પત્થર ત ક્યારેક લાકડા અને ક્યારેક ક્યારેક ખજુરના ઝાડમાંથી બનાવવામાં આવતા. અને કયારેક એવું પણ થતું કે જાનવરોની સુરતમાં અથવા કુદરતની નિશાનીઓ જેમ કે સૂર્ય, ચંદ્ર અને તારાઓને શકલ આપવામાં આવતી, પણ આજની દુનિયામાં ખાસ કરીને સભ્ય અને ઉચ્ચ ભદ્ર સમાજમાં આ બુતોના નામ, સુરત અને રૂપ બિલકુલ બદલાઇ ગયાં છે એ એની જગ્યા માલ, દૌલત, જબરદસ્તી, મનસબ, હોદ્દો, શોહરત અને તાકતે લીધી છે. ખલાસો એ છે કે ભૌતિક અને દુન્યવી સુખ આવી ગયા છે, જેઓએ ઇન્સાન અને ઇન્સાનિયતને પોતાના કબજામાં લઇ લીધા છે. અને કોઇ પણ ઇરાદા કે વિચાર વગર લોકોને પોતાના બે દમડીને ગુલામ બનાવી મૂક્યા છે.

આજનો ઈન્સાન વિચારે છે અને સમજે છે કે ખાવું, પીવું, સુવું, કામવાસના, પોષવી, સિનેમા જોવું, નાચગાન અને કોઇ પણ રીતે અને તરીકાથી ધન - દૌલત જમા કરવી એ જ જીંદગીનો અસલ અને માત્ર મકસદ છે. આજના અમૂક દુન્યાપરસ્ત અને કામવાસનાનાં ચાહક લોકો, ઇન્સાનિયતતનો આલા કદ્ર મકસદ એટલે પાકીઝગી, શરાફત, નફ્સ પર કાબુ રાખવો, અદલ અને ઇન્સાફ, મોહબ્બત અને ફઝીલત જેવી વસ્તુઓને મુશકીલ અને નાયાબ વસ્તુ સમજતા અજાયબ ઘરમાં (મ્યુઝિયમમાં) રાખવા લાયક સમજે છે અને ઘણા લોકો બે - ચાર કદમ આગળ નીકળીને બહુ જ બેશર્મી અને બેહ્યા થઇને આ આલકદ્ર અને ઉચ્ચત્તમ બાબતોને દૂરની આવાઝ સમજીને એને પોતાના સમજીથી દૂર રાખવા માટે એને નજદીક આવવા નથી દેતા.

બેશક અ લોકો ઘમંડ અને તકબ્બુરના શિકાર થઇ ગયા છે. અને પોતે તથા પોતાના સાથીઓ સાથે આ બાબતમાં આ વસ્તુઓને દૂર રાખવાની કોશિશમાં તલ્લીન થઇ ગયા છે - એવું શા માટે? આવા લોકો ઇન્સાન માટે વરૂ જેવા છ શા માટે? આવા દરેક સવાલ 'શા માટે' નો ફક્ત એક જ જવાબ છે અને તે એ કે ઇન્સાન પોતાના ખુદાએ 'વહદહુ લાશરીક' ની ઇબાદત થી મોઢું ફેરવી ચૂક્યો છે. અને હવે આના માટે જરૂરી અને લાઝીમ થઇ ગયું છે કે માબુદે હકીકીની ઇબાદત અને બંદગી અને એની હમ્દો - સનાની બદલે પોતાના જમાનાના જાદુઇ અસર રાખવાવાળા બૂતોની પરસ્તીશ અને ઇબાદત કરે પોતાની ઇઝઝતો - આબરૂમંદ હસ્તીને લામહેમદુદ જાત ખુદાની સામે ઝુકવા પર મજબુર કરવાને બદલે, જૂઠા ખુદાઓની સામે સજદો કરે છે અને પોતાની જાતને એ જૂઠા ખુદાઓની ખુશનુદી હાસીલ કરવામાં પોતાની જીંદગીને ખતમ કરે છે. અને એ સાબિત થયેલી વાત છે કે હકીકતમાં આ બુત પરસ્તીથી ઇન્સાન પોતાની જાતની હેસીયત અને શખ્સીયત ખતમ કરે છે અને સાથે એ સમાજને વેરવિખેર કરી નાખે છે.

'અફરઅયત મીનત્તખઝ એલાહહુ, હવાહો વઅઝલ્લહુલ્લાહો અલા ઇલ્મીન..'

'ઓ રસૂલ! (સ.અ.વ.) શું તમે એ માણસની હાલત જોઇ અને તેના પર ધ્યાન આપ્યું કેજેણે પોતાની ઇચ્છા (ખ્વાહેશાત) ને પોતાનો ખુદા બનાવી લીધો છે અને અલ્લાહે જાણી સમજીને એની હિદાયતની તૌફિક છીનવી લીધી છે.'

એ વાત તો માની લીધેલી છે કે હવાપરસ્તી અને નફ્સ પરસ્તીનો નતીજો ગુમરાહી અને ભટકવું છે અને કમજોરીની પેદાવાર બેબસી અને લાચારી જ છે.

જ્યારે પણ કોઇ સમાજ પરેશાન અને બદહાલીની આગમાં બળી રહ્યો અને જે ઇન્સાન ખોફનાક અને બેચેનીની હાલતમા ફસાઇ જાય અને જીંદગી એના માટે સખત અને મુશ્કીલ થઇ જાય તો આ કમજોરી અને બદહાલીથી નજાત મેળવવા માટે એ અનેક ખુદાઓને મૂકીને ખુદાએ વહદહુ - લાશરીકનીપનાહમાં આવી જાય અને કાયમની પ્રગતિઓ મેળવવાની કોશિશ કરે. એ જ સમય હશે કે દુન્યાના તમામ દુન્યવી કાર્યો ખુદાના માટે એ ખુદાની ખુશનુદી માટે કરવામાં આવશે વઅને શાંતચિત અને હિંમત એ ધૈર્યથી જીંદગી જીવશે. અત્રે એક ખાસ મહત્ત્વની વાત તરફ ધ્યાન દોરીએ કે વધારે

મોટી મોટી વાતો કરવાને બદલે અને મોટા બોલ બોલવાને બદલે, આ એક હકીકત છે કે દુનિયાના તમામ કાર્યતંત્રોમાં ઇસ્લામી જ કાર્યતંત્રોમાં ઇસ્લામી જ કાર્યતંત્ર જીંદગીછે જે સંપૂર્ણ રીતે એ હકીકત તરફ આંગળી ચીંધે છે અને જોર આપે છે અને આશ્ચર્યજનક સોચ - વિચાર અને ફિક્ર કરવાની સાથે અમૂલ્ય તૌહિદની ('એક-ઇશ્વર-વાદ') માઅરેફત (પહેચાન, ઓળખાણ) કરાવે છે. ઇસ્લામ 'લા ઇલાહા ઇલ્લાહ' નામી મોહકમ અને મજબૂત બુન્યાદની તરફ રેહનુમાઇ કરવતા ઇન્સાનની દરેક પ્રકારની અને વિચારો, વહેમોની હજારો વરસ જૂની જંઝીરોના ટુકડે ટુકડા કરી નાખે છે. ઇસ્લામે જ એ જૂઠા ખુદાઓને એ જગ્યાએથી ઉઠાડીને જમીન પર પટકી દીધા છે. આઝાદીના નારા 'લા ઇલાહા ઇલ્લલાહ' નો પહેલો ફિરકો પણ લા ઇલાહા બધા જ જૂઠા ખુદાઓના વજુદ હસ્તી અને તેઓની કુદરત - તાકાતથી ઇન્કાર કરાવે છે. નબળા લોકોના મગજ માનસિક રીતે તૈયાર થઇ જાય અને અનેક પ્રકારના ખુદાઓની માન્યતા અકીદા અને આસ્થાઓને જડમૂળમાંથી ઉખાડીને ફેંકી દે. પછી ફરમાવે છે 'ઇલ્લલાહ' એટલે માબુદે હકીકી અને અસલ ખાલીક 'અલ્લાહ' જ છે અને એ જ પરસ્તીશ અને ઇબાદતને લાયક અને કાબીલ છે. ઇન્સાનોને જોઇએ કે એની જ સામે સજ્દો કરેએ ઝુકી જાય. એન પોતની જાત અને હસ્તીને એના માટે જ અને એની ખાતીર સમજે અને જાણે.

ખુદાના બધા જ પયગમ્બરો આજ બુન્યાદી અકીદા પર મુત્તફીક અને એક વિચાર ધરાવતા હતા અને તમામ બુઝુર્ગી અને અઝમત, જાહોજલાલ, બરતરી - સર - બલંદી અને કમાલને ખુદાની બંદગીના કમાલને ખુદાની સૃષ્ટિને આવરી લેતી છત્રછાયામાં અને એ વહદહુ લાશરીકની જાતની સિવાય તમામ કૃત્રિમ માબુદોના બંધનોથી આઝાદ થવામાં માનતા હતા, અને તમામ પયગમ્બરોની એ જ જહો - જહદ અને કોશિશ હતી કે તેઓ લોકોને એજ મજબૂત અને અસલ અકીદાથી ઓળખાણ કરાવે.

પણ હઝરત ઇબ્રાહીમ (અ.સ.) હઝરત મુસા (અ.સ.) હઝરત ઇસા (અ.સ.) અને બીજા પયગમ્બરો (અ.સ.)ને જે દુઃખ, તકલીફ, મુસીબતો અને જુલ્મો, -સિતમ સહન કર્યા છે તે એ માટે કે ઇન્સાન અને ઇન્સાનિયત (માનવતા) નો બેહાલ અને કચડાએલો કાફલો આરામ અને ઇઝઝતની સાથે સંતોષની એ છેલ્લી મજલ સુધી પહોંચી જાય, જેનું નામ એકતાપરસ્તી અને તૌહિદ છે પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) અને આપના મહાન અને બુઝુર્ગ જાનીશનોએ એટલી બધી મુસીબતો અને તકલીફો ઉપાડી છે જ બધાનો મકસદ એક જ હતો કે ઇન્સાનોની પ્યાસી રૂહોને શિર્કની બાળીને રાખ કરી દેવાવાળી આગ અને બુતપરસ્તીના લબકારા મારતી જવાળામાંથી કાઢીને તૌહિદ અને ખુદાપરસ્તીના ખુશહાલ ઝરણાં સુધી પહોંચાડી દે અને ઇન્સાનીયતની દુભાયેલી રૂહને મારએફત ખુદાવંદીના બાગથી ઓળખાણ કરાવી દે.

હવે અગર જો આ હકીકી બલંદી (ઊંચાઇનાં શિખરો) પૂરી રીતે સંપૂર્ણ જલવા અફરોઝ ન થાય હોય, પોતાની પરકાષ્ટા પર ન પહોંચ્યાં હોય અને ઇન્સાનોની બહુમતીએ જુદા જુદા જમાનામાં પયગમ્બરોની આ આસ્માની અવાજ આકાશવાણી અને એમની દાવતો પર લબૈક ન કહ્યું હોય તો જરૂરી છે કે આ બુલંદી બાકી રીત અમલી શકલમાં આવે અને વહેદાનિયતે ખુદાવંદે મુતઆલની મજબૂત અને તાકતવર દલીલને એક ઇલાહી અને બાઅઝમત (મહાન) શખ્સીયતની રેહબરી અને તાલીમાતના સાયામાં (શિક્ષણ નીચે) જે હજુ પણ અલ્લાહના ખજાનામાં મૌજુદ છે. જેને ફળવું, ફલવું અને રિવાજમાં આવવું જોઇએ. એ શખ્સીયત હઝરત હુજ્જત ઇબ્નીલ હસન અલ અસ્કરીની છે. અને એને જ મહદી (અ.ત.ફ.) કહે છે. પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) ના બારામાં જાનશીન અને એજ એ પેશવા છે જેનો વાયદો કરવામાં આવ્યો છે અને બીજી તમામ મિલ્લતો અને ધર્મો જુદાજુદા નામોથી જેમનો ઇન્તેઝાર કરે છે એ જ ઇમામ હુસૈન (અ.સ.) ની નસલમાં નવમા ફરઝંદ અને ઇમામ હસન અસ્કરી (અ.સ.) ની પછી એમના ખલીફા 'બિલા ફસલ' (અંતર વગરના) એજ પરવરદિગારે આલમના અઝીમ ખલીફા અને નાએબ છે.

એ જ જમીનનો અદલો ઇન્સાફ અને હકથી ભરી દેશે અને એજ ખુદાવંદીનો ખજાનો છે જે એક દિવસ ઝુહૂર કરશે અને ખુદાપરસ્તી અને વહેદાનિયતની જાનબક્ષ અવાજ દુનિયાના ખૂણે ખૂણામાં ગુંજી ઉઠશે. એ દિવસે ખુદાના નેક અને સાલેહ બંદાઓ જમીનના વારસદાર હશે. દુનિયાવાળા પરચમે તૌહિદની પનાહમાં સૌથી વધારે બલંદ મરતબા, કમાલ અને સરબલંદી સુધી પહોંચશે. તેથી એ તમામ ખુદાઇ સફીરોં પર દુરૂદ હો, જે તૌહિદની રાહમાં આગળ વધીને હિસ્સા લઇ રહ્યા હોય અને દુરૂદ હોજો, એકતા પરસ્તીની રાહમાં જહો - જહદ અને કોશિશો કરવાવાળાઓ પર અને અંતમાં દુરૂદ હોજો, ઇસ્લામના આખરી પેશવા હઝરત બકીયતુલ્લાહ બારમા ઇમામ હુજ્જત ઇબ્નીલ હસન અલ અસ્કરી (અ.ત.ફ.) પર, જીવતા અને આબાદ એ ખુદાઇ હુકુમત જેની બુન્યાદ ખુદાના આખરી પયગમ્બર હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) ના મજબૂત અને તાકતવાર હોથોથી રાખવામાં આવી અને જેઓએ પોતાની ઇલ્મી અને અમલી બરતરી (સર્વોપરી ઉચ્ચતા) પુરી તારીખે બશીરીયતમાં (માનવતાના ઇતિહાસમાં) સાબિત કરી આપી, અને ઇન્શાઅલ્લાહ એક દિવસ છે પણ આવશે જ્યારે આં હઝરત (સ.અ.વ.) ના આખરી વહી હઝરત ઇમામ મહદી (અજ.) ની (અલ્લાહ એના ઝુહૂરમાં જલ્દી કરે.) રેહનુમાઇમાં પોતાની કુદરત (આધ્યાત્મિક શક્તિ) અને સરબલંદીના એતેબારની ઊંચાઇ પર પહોંચશે અને દુનિયા અદલો - ઇન્સાફથી એવી રીતે ભરાય જશે જેવી રીતે એ જુલ્મો - જોરથી (અન્યાય અને અત્યાચારથી) ભરી હશે.

# ઈસ્તેગાસા બે હુઝુરે હઝરત વલીએ-અસ્ર અજ્જલ્લાહો ફરજહુશશરીફ

**યબ્નઝ-ઝહરા-આ કે યે લમ્હાએ ઈમદાદ ય યબ્નઝ-ઝહરા-યબ્નઝ ઝહરા**

સારી દુનિયા સીતમ ઈજાદ હય યબ્નઝ - ઝહરા
હર કદમ એક નઈ ઉફતાદ હય યબ્નઝ - ઝહરા
જીસે દેખો વહી જલ્લાદ હય યબ્નઝ - ઝહરા
યાની બેદાદ પે બેદાદ હય યબ્નઝ - ઝહરા

હર બશર કી યહી ફરયાદ હય યબ્નઝ - ઝહરા
આ કે યે લમ્હા એ ઈમદાદ હય યબ્નઝ - ઝહરા

ઉઠ્ઠે હય દિને - પયગમ્બર કે મીટાને વાલે
ઝુલ્મ હર મોહસીને ઈસ્લામ પર ઢાને વાલે
આગ ફીર ખાનસે ઝહરા મેં લગાનેવાલે
કામ અબ આયેંગે બસ તેરે ઘરાનેવાલે

તેરી યે સિતમ - ઈજદાદ હય યબ્નઝ - ઝહરા
આ કે યે લમ્હાએ ઈમદાદ હય યબ્નઝ - ઝહરા

ચાહનેવાલેં પે કીસ દરજા યે હાલાત હય શાઠ
મરકઝે ઈલ્મ થા અબ મકતલે - ઈમા હય ઈરાક
એક તરફ તાઅનો કે જખ્મ એક તરફ હરદે ફીરાક
અબતો ગૈબત કાભી અશરાર ઉડાતે હય મઝાક

જીસ્કો દેખો વહી નક્કાદ હય યબ્નઝ - ઝહરા
આ કે યે લમ્હાએ હમદાદ હય યબ્નઝ - ઝહરા

મીટતી જાતી હય ઝમાને મેં શરીઅત હર સુ
ઝોર ઔર ઝર કી હય દુનિયા મેં હુકુમત હર સુ
ફેલતી જાતી હય ઈસ્લામમેં બીદઅત હર સુ
ચાહનેવાલેં પેં હય કુફ્ર કી તોહમત હર સુ

હમ્લા વર દિન પેં ઈલ્હાદ હય યબ્નઝ - ઝહરા
આ કે યે લમ્હાએ ઈમદાદ હય યબ્નઝ - ઝહરા

ચાહનેવાલેં પેં યલગારે સીતમ હય પેંહમ
અર્ઝ મક્કા પે ભી અબ હોને લગે ઝૂલ્મ વ સીતમ
સાઝીશેં કુફ્ર ઔર ઈસ્લામ મે હોતી હય બહમ
ખૂન હુજ્જાજ સે રંગીન હૂઈ અર્ઝે હરમ

હુરમતે કાબા ભી બરબાદ હય યબ્નઝ - ઝહરા
આ કે યે લમ્હાઅ ઈમદાદ હય યબ્નઝ - ઝહરા

ઈસ તરહ લુટા ગયા અહમદે મુખ્તાર કા બાગ
કોન જાને હય તેરે કલ્બ પે કેસા યે દાગ
ચાહનેવાલેં કો મીલતા નહી કબરોં કા સુરાગ
રાત ભર જલતા નહી તુરબતે ઝહરા પે ચિરાગ

બાદ મુરદન ભી યે બે દાદ હય યબ્નઝ - ઝહરા
આ કે યે લમ્હાએ ઈમદાદ હય યબ્નઝ - ઝહરા

તેરે ઝીમ્મે યે બડા અહદે - ખુદા બાકી હય
એક પહેલુએ શીકસ્તા કી દવા બાકી હય
એવઝે - ખૂને - શહિદાને વફા બાકી હય
એક ઉજડે રવઝે કી બીના બાકી હય

કરબલાભી તો તુજહે યાદ હય યબ્નઝ - ઝહરા
આ કે યે લમ્હાએ ઈમદાદ હય યબ્નઝ - ઝહરા